# જાગૃતિ સંદેશ

# JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32 Monthly

**Vol 18 Issue No. 8 - Mumbai AUGUST 2018**

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર





Exclusive 22k & 18k Jewellery
Making Charges at
Factory price
Shop#2, Al Ras Main Road, Near RAK Bank, Gold Souk, Deira, Dubai
P.O.Box - 181971 Tel : +9714 2350419 Email – jewelgold999@gmail.com
DUBAI
Gold Souq, Deira
Like us on facebook
/jewelgoldndiamond
Follow us on Instagram
@jewelint
JEWEL
SILVER | GOLD | DIAMOND
advt.

**જૈન જાગૃતિ સેન્ટર**
**સેન્ટ્રલ બોર્ડ**

**જાગૃતિ સંદેશ**

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

ચૅરમૅન : શ્રી સંજય બી. શાહ
તા.ભૂ.પૂ.ચૅરમૅન : શ્રી રમેશભાઈ જે. મોરબિયા
વાઈસ ચૅરમૅન : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
શ્રી પ્રવીણ એ. શાહ
સેક્રેટરી જનરલ : શ્રી કિશોર એસ. શેઠ
સેક્રેટરી : શ્રી જયંતીલાલ કે. છાડવા
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી અનિલ જી. દોશી
શ્રી વિજય એચ. મહેતા
ડેવલપમેંટ સેક્રેટરી : શ્રી સુનીલ પી. શાહ
ખજાનચી : શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી
તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

ચૅરમૅન : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન : શ્રી કિશોર એન. શાહ
વાઈસ ચૅરમૅન : શ્રી રમેશ જે. મોરબિયા
: શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
: શ્રી અમિત ડી. કોઠારી
ખજાનચી : શ્રી હસમુખ કે. દેઢિયા

**: ટ્રસ્ટીઓ :**

શ્રી પ્રવીણ જી. શાહ — શ્રી કમલેશ સી. શાહ
શ્રી કિશોર એસ. શેઠ — શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી જયંતી કે. છાડવા — શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી રસિક એન. કોઠારી — શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રાજેશ આર. ભણસાલી — શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી ધર્મેશ એસ. જૈન — શ્રી રાહુલ એમ. ટિંબડિયા
શ્રી અનિલ જી. દોશી — શ્રી ચંદ્રકાંત એફ. શાહ

**: ઈન્વાયટી :**

શ્રી દિનેશ વી. શાહ — શ્રી કિરણ એચ. શાહ

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ

જય જિનેન્દ્ર,

આપણા સૌથી પવિત્ર અને પાવન દિવસો પર્વાધિરાજ પર્યુષણ આવી રહ્યા છે. ઘણાબધા સભ્યોએ ઉગ્ર તપસ્યા ચાલુ કરી દીધી છે અને પર્યુષણમાં તો નાનાં બાળકો સહિત દરેક ધર્મપ્રેમીઓ નાના-મોટી તપસ્યા કરશે જ તે બધાને શાતાપૂર્વક નિર્વિઘ્ને તપસ્યા પરિપૂર્ણ થાય તેવી મારી અંતરની શુભેચ્છા પાઠવું છું.

ગયા અંક માટે લખતો હતો ત્યારે ખરાબ ચોમાસું જવાના અંદેશાથી મન ભારે અને ખિન્ન હતું, પરંતુ કુદરતની મહેરબાની થઈ અને અનાવૃષ્ટિનો ભય દૂર થયો. બધે સંતોષજનક વરસાદ પડવાના સમાચાર આવી રહ્યા છે. કોઈકોઈ જગ્યાએ અતિવૃષ્ટિનો હાહાકાર સર્જાયો છે, પણ એકંદર ચોમાસું ઠીકઠીક જઈ રહ્યું છે તેથી સર્વત્ર આનંદનું વાતાવરણ સર્જાયું છે. હવે તો સૌરાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન વગેરે પ્રદેશોમાં મોસમનો છેલ્લો વરસાદ ભાદરવા મહિનામાં આવી જાય એટલે શિયાળુ પાક બહુ સરસ ઊતરે તેવી પ્રાર્થના કરીએ.

આ લખી રહ્યો છું તે દિવસ રાષ્ટ્રનો બહુ પવિત્ર દિવસ ૧૫ ઑગસ્ટ-૭૨મો સ્વાતંત્ર દિન છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સુષુપ્ત થયેલો આ તહેવાર આ વર્ષે ફરી વાર ખીલી ઊઠ્યો છે તેનું કારણ 'અચ્છે દિન આને વાલે હૈ'ના સ્વપ્ન સાકાર થવાની એષણા જાગી ઊઠી છે. અલબત્ત તે માટે આપણે સૌએ સંપીને એકરાગથી એક જ સંકલ્પથી રાષ્ટ્રપ્રેમને ધ્યાનમાં રાખી અંગત સ્વાર્થને ભૂલી જઈ ખભેખભા મિલાવીને કામ કરવાનું છે.

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારતના સૌપ્રથમ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ આપેલું ઐતિહાસિક પ્રવચન અને આજે શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી આપેલા પ્રવચનમાં ઘણી સામ્યતા

છે. નહેરુએ તે દિવસે આશા સેવેલી કે 'આયે દિન બહાર કે', આજે મોદીજીએ આશા સેવી કે 'અચ્છે દિન આ ગયે હૈ'. મોદીજીનું પ્રવચન ખરેખર નિરપેક્ષ હતું. એમણે દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો કે હિન્દુસ્તાનની ગરીબ પ્રજા માટે કાંઈક પૉઝિટિવ થઈ રહ્યું છે. સંજોગો ફરી વાર વિશ્વમાં છવાઈ જવાની ગતિ તરફ પ્રગતિ કરી રહ્યા છે. તેમના ભાષણમાં ક્યાંય કટુતા નહોતી, ક્યાંય નકારાત્મકતા નહોતી, તેમણે વિરોધ પક્ષને ક્યાંય લક્ષ્ય બનાવ્યા નહીં કે ન પડોશી દુશ્મનોને લલકાર આપ્યો. તેમણે સહઅસ્તિત્વની જ વાત કરી. પડોશી દેશ ભૂતાન અને નેપાળને પોતાના કરી લીધા અને ખાતરી આપી કે ભારત દેશ એ તમારા મોટા ભાઈ સમાન જ છે. શાર્કના દેશોને આહ્‌વાન આપ્યું સાથે મળીને કાર્ય કરવાનું. તેઓએ પોતાની જાતને વડા પ્રધાન તરીકે નહીં, પણ પ્રજાના સેવક તરીકે રજૂ કરી રાજ્ય ચલાવવા બહુમતી નહીં, પરંતુ સર્વસંમતિ પર ભાર મૂક્યો.

પક્ષાપક્ષીથી પર રહી સર્વે સંસદસભ્યોને રાષ્ટ્રની પ્રગતિ માટે રાજનીતિને બાજુએ રાખી, દેશની પ્રગતિના આયોજનમાં જોડાઈ જવાની હાકલ કરી. તેમણે એકરસ, એકલક્ષ્ય, એકમન, એકદિશા, એકગતિ, એકમતિ અને રાષ્ટ્રભાવનાના વિકાસ માટે આગ્રહ રાખ્યો. આપણને લાગે કે ઘણા સમય પછી એક સક્ષમ નેતા મળ્યો છે, જે રાષ્ટ્રનું નવનિર્માણ કરશે જ. આપણે સર્વેએ તન, મનથી ટેકો આપવાની જરૂર છે. તેમના ભાષણમાં તેમણે મહાત્મા ગાંધીજી, વિવેકાનંદ તથા લાલબહાદુર શાસ્ત્રીનો ખાસ ઉલ્લેખ કર્યો, જે તેમની કૉન્ટ્રોવર્સી નહીં થવા દેવાની કુનેહ બતાવે છે.

હવે જેજેસીના હાયર ઍજ્યુકેશનની વાત પર આવીએ તો આ અભિયાનનો દશમો મણકો અત્યારે જોરશોરથી ચાલી રહ્યો છે. અઠવાડિયાના મંગળ-ગુરુ અને શનિવારે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈ તાત્કાલિક ચેક તેમણે આપી દેવામાં આવે છે. આ અભિયાનના પુરસ્કર્તા શ્રેષ્ઠી શ્રી ધર્મેશ જૈનની આંકડાકીય ગણતરી પ્રમાણે હજી આપણે ઘણી દૂર સુધી મંજિલ કાપવાની છે.

તેમણે શરૂઆતમાં જ રૂા. ૧૦૦ કરોડનો ટાર્ગેટ આપેલો. જો એ ટાર્ગેટને પાર કરી લઈએ તો પછી આ પ્રોજેક્ટ સ્વયંબળે કાયમ માટે ચાલુ રહે. આપણે હિસાબે અત્યારે પ્રોજેક્ટના મધ્યાહ્‌ને પહોંચ્યા છીએ. હાલમાં તો આ અભિયાન જૈન સમાજમાં ખૂબ લોકપ્રિય અને અગત્યનું બની ગયું છે. દરેક જૈન સંસ્થાએ આની નોંધ લીધી છે અને શ્રેષ્ઠીઓ સહકાર આપવા આગળ આવી રહ્યા છે.

તેર વર્ષના અનુભવ અને અભ્યાસ દ્વારા માલૂમ પડયું કે જૈન સમાજ ઉપરથી દેખાય છે તેટલો સક્ષમ નથી. એમાંય હાયર ઍજ્યુકેશન બહુ જ મોંઘું થઈ જતા ઘણા જૈન ટેલેન્ટ વિદ્યાર્થીઓ હાયર ઍજ્યુકેશનથી વંચિત રહે તેવી શક્યતા ઊભી થઈ છે. વિદ્યાર્થીના ઈન્ટરવ્યૂ દરમિયાન આ વાસ્તવિકતા જેજેસીના હોદ્દેદારોના ધ્યાનમાં આવી અને આ પ્રવૃત્તિમાં વેગ લાવવા કટીબદ્ધ થયા, પણ સમાજની આ વાસ્તવિકતા જેજેસીનાં બધા જ સભ્યો અને સમાજના અન્ય લોકોને પણ જાણમાં આવે તે હેતુથી દરેક સેન્ટરમાં દર વર્ષની માફક એજ્યુકેશનની અપીલ કરવામાં આવી હતી.

મારો આગ્રહ છે કે મુંબઈના દરેક સેન્ટરો સભાગૃહમાં માન્ય શ્રેષ્ઠીઓને બોલાવીને એજ્યુકેશનની અપીલ માટે આયોજન કરવામાં આવે. હું કહીશ કે પ્રયોગ ખુબ જ સફળ રહે. દરેક શ્રેષ્ઠિઓએ ખુબજ સરાહના કરી અને બધા જ પ્રકારનો સહયોગ આપવાની ખાતરી આપી. દરેક શહેરોમાં એજ્યુકેશનની અપીલ થવી જોઈએ.

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃત નગર | : | ૧૨-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૧૮-૭-૧૮ | માસ્ટ્રર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● અંકલેશ્વર | : | ૨૨-૭-૧૮ | પહેલી ગમતી નથી બીજી જામતી નથી - નાટક | ◈ |
| ● ભાંડુપ - વિક્રોલી | : | ૨૮-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● બોરિવલી | : | ૨૯-૭-૧૮ | અક્કલ બડી કે કૅશ - નાટક | ◈ |
| | : | ૩૦-૭-૧૮ | અક્કલ બડી કે કૅશ - નાટક | ◈ |
| ● ચેમ્બુર | : | ૮-૧૦/૭-૧૮ | મણી લક્ષ્મી - તીર્થ યાત્રા | * |
| | : | ૧૧-૧૨/-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૧૬-૭-૧૮ | મિક્સ ટેપ - ઑર્કેસ્ટ્રા | * |
| ● દહિસર | : | ૮-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ✦ |
| ● જેમ જગડુશા | : | ૨૪-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ◈ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૭-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ✦ |
| | : | ૯-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૨૯-૭-૧૮ | દિલને ફિર યાદ કિયા - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જુહુ | : | ૪-૭-૧૮ | અક્કલ બડી કે કૅશ - નાટક | ◈ |
| | : | ૫-૭-૧૮ | મહારાજા ભોગ | * |
| | : | ૧૫-૭-૧૮ | બેક ટુ સ્કુલ | * |
| ● જુહુ બીચ | : | ૨૧-૭-૧૮ | બે નકાબ - નાટક | ✦ |
| | : | ૨૯-૭-૧૮ | અમીચંદની અમી દૃષ્ટિ - નાટક | ✦ |
| ● કાંદિવલી | : | ૧૦-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● મલાડ | : | ૯-૭--૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | * |
| ● મુલુંડ | : | ૧૦-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનીસ્ટર - નાટક | ◈ |
| | : | ૨૪-૭-૧૮ | બે નકાબ - નાટક | ◈ |
| ● મુંબઈ | : | ૫-૭-૧૮ | રંગ રંગીલા ગજુજભાઈ - નાટક | ◈ |
| | : | ૧૪-૭-૧૮ | એ. આર. રહેમાન બપ્પી લહેરી ગીતો - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● માંડવી | : | ૬-૭-૧૮ | કૌન બનેગા કરોડ પતિ - ગેમ શો | * |

| | | | | |
|---|---|---|---|---|
| ● નૉર્થ ઈસ્ટ | : | ૩-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૨૩-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનીસ્ટર - નાટક | |
| ● નૉર્થ વેસ્ટ | : | ૫-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૩૦-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનીસ્ટર - નાટક | ◈ |
| ● નવી મુંબઈ | : | ૫-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| | : | ૧૦-૭-૧૮ | બૉલિવુડ ગપશપ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૧૭-૭-૧૮ | પપ્પા અમારા પ્રાય મિનિસ્ટર - નાટક | ◈ |
| | : | ૨૨-૭-૧૮ | ગ્રેટ એસ્કેપ વોટર પાર્ક વન ડે માનસુન પિકનીક - રિસોર્ટ | ★ |
| ● પનવેલ | : | ૧૨-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનીસ્ટર - નાટક | ◈ |
| | : | ૨૨-૭-૧૮ | ગ્રેટ એસ્કેપ વોટર પાર્ક - રીસોર્ટ | ★ |
| ● પેડર રોડ | : | ૮-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૧૪-૭-૧૮ | અમીચંદની અમીદૃષ્ટિ - નાટક | ◈ |
| ● પાલિતાણા | : | ૨૨-૭--૧૮ | હાફ ડે પિકનીક - રિસોર્ટ | ★ |
| ● રજવાડી | : | ૨-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૬-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● રૉયલ જગડુશા | : | ૨૫-૭-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનીસ્ટર - નાટક | ◈ |
| ● શિવાજી પાર્ક | : | ૧૩-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| | : | ૨૬-૭-૧૮ | એક ચતુર નાર બડી હોશિયાર - નાટક | ◈ |
| ● સાયન માટુંગા | : | ૧૬-૭-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● વાશી | : | ૯-૭-૧૮ | સંભવ અસંભવ - નાટક | ◈ |
| | : | ૧૦-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| | : | ૧૯-૭-૧૮ | The Me અંતાક્ષરી હાઉઝી - ગેમ શો | ◈ |
| ● જેજેસી વાપી (L.W.) | : | ૨૯-૭-૧૮ | મેડીકલ કૅમ્પ બોન હેલ્થ - મેડીકલ કૅમ્પ | ◈ |
| ● ઉંબરગામ | : | ૨૩-૬-૧૮ | પહેલી ગમતી નથી બીજી જામતી નથી- નાટક | ◈ |
| ● વાપી | : | ૭-૭-૧૮ | અંકિત ત્રિવેદી - મ્યુઝીકલ શો | ◈ |
| | : | ૨૯-૭-૧૮ | હેલ્થ ચેકઅપ - મેડીકલ કૅમ્પ | ◈ |
| ● કલા નગરી-વડોદરા | : | ૨૨-૭--૧૮ | હાઉઝી - ગેમ શો | ★ |
| ● સુરેન્દ્ર નગર | : | ૭-૭-૧૮ | સંજુ - ફિલ્મ | ◈ |
| ● સુર્યપુર (સુરત) | : | ૨૪-૬--૧૮ | ગ્રીન લેન્ડ - રિસોર્ટ | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## SEPTEMBER CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Rajwadi | 01-09-1996 | Minesh Shah | 9821028409 | Sunil shah | 9820278883 |
| 2 | Ladies Wing Mandvi | 14-09-2008 | Sangita Shah | 9429007948 | Shobhana Patwa | 9537959718 |
| 3 | Dhandhuka | 20-09-2014 | Nilesh Bagadiya | 9428111101 | Nehal Shah | 9825581006 |
| 4 | Vardhman Nagar (Bhujodi) | 22-09-2012 | Chaitanya Mehta | 9974056779 | Tushar Jain | 9879600868 |
| 5 | Chembur | 28-09-1992 | Jayanti Chhadva | 9821120217 | Jatin Chheda | 9821064216 |
| 6 | Bhavnagar | 28-09-1997 | Pradip Shah | 9825205710 | Rajan Mehta | 9898980044 |
| 7 | Mumbai | 29-09-1980 | Kiran Shah | 9820024491 | Dilip Shah | 9322714780 |
| 8 | Nandurbar | 29-09-1996 | Nilesh Shah | 9860422900 | Mahendra Tated | 9422285604 |
| 9 | Ladies Wing Ahmedabad | 30-09-2012 | Deena Dalal | 9924107800 | Dina Shah | 9825051472 |

## જૈન જાગૃતિ સેન્ટર કલાનગરી - વડોદરા



જૈન જાગૃતિ સેન્ટર કલાનગરીનો ૨૩મો ચાર્ટર ડે તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ મીલન પાર્ટી પ્લોટ એરપોર્ટ રોડ બરોડા ખાતે ઉજવાયો.

મુંબઈથી સેન્ટ્રલ બોર્ડ ચૅરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જીતેન્દ્રભાઈ કોઠારી, સેન્ટ્રલ બોર્ડના ભુતપુર્વ ચેરમેન શ્રી રમેશભાઈ મોરબીયા, સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી પ્રફુલભાઈ કામદાર, એડીટર શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ તથા જેજેસી કલાનગરીના પ્રમુખ શ્રી દિનેશભાઈ નાણાવટી તથા સર્વ કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સામાજીક સેવાના ભાગરૂપે વીકલાંગોને ટ્રાઈસાઈકલ દેરાસરોના પુજારીઓને સાયકલ વીતરણ એરીયામાં સેન્ટર ખોલેલ છે. એજ્યુકેશન ડોનેશન માટે અપીલ કરતાં રૂા. ૧૨૧૦૦૦/-નું ડોનેશન એકત્ર થયેલ છે.

## જેજેસી લેડીજ વિંગ - વાપી મેડીકલ કૅમ્પ

તા. ૨૯.૭.૨૦૧૮ રવિવારના દિવસે જેજેસી લેડીજ વિંગ વાપી દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા ડૉ. દિપીકાબેન સીંઘવી એ (ગાયનેક) Menopause & Related problems અને ડૉ. લોકેશ ઠક્કર (ઓર્થોપેડીક) Bone Health પર ખૂબ જ વિસ્તૃત માહિતી આપી હતી ત્યાર બાદ દરેક મેમ્બરોનું ફ્રી મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં Blood Group , Blood Pressure, Body Mass Indes, Physical Examination વિ. ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

જેમા લેડીજ વિંગની સારી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

## જેજેસી બોટાદ

તા. ૭.૭. ૨૦૧૮ શનિવારે જેજેસી બોટાદના સર્વ સભ્યો સાથે દિગંબર જૈન વાડી બોટાદમાં જમવા સાથે, ગ્રીન સલાડ સુશોભન કૉમ્પિટીશન તથા હાઉઝી ગેમની સુંદર કાર્યક્રમ માણીને અંદાજીત ૧૦૫ સભ્યો હાજર રહ્યા હતા.

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
# ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

**આયોજીત**



# ૨૪મો સમુહલગ્નોત્સવ



**માગશર વદ ૧, રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૮**

**બોરીવલીમાં** નક્કી કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે **૨૧ યુગલો**ને લેવામાં આવશે.

સમુહ લગ્ન માટે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફેક્સઃ ૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

## સમુહ લગ્નના દાતાશ્રીઓ

**મુખ્ય દાતાઃ**
શ્રીમતી ચારુબેન જયરાજભાઈ દેવાણી
હસ્તેઃ શ્રી જયરાજભાઈ દેવાણી

**સજાવટ દાતાઃ**
માતુશ્રી ભાવનાબેન અરવિંદભાઈ ભેદા
હસ્તેઃ શ્રી મેહુલભાઈ ભેદા

**ભોજન દાતાઃ**
માતુશ્રી મનબાઈ ઉમરશી ભેદા
હસ્તેઃ શ્રી જયેન્દ્રભાઈ ભેદા

**કરિયાવર દાતાઃ**
માતુશ્રી હિરાબેન સેવંતીલાલ શાહ(ગોલવાલા)
હસ્તેઃ શ્રીમતી જયશ્રીબેન નિશીત શાહ
શ્રી હિરેનભાઈ ફોફરીયા

# માન-સન્માન અને અપમાન

■ જાદવજી કાનજી વોરા

માન એટલે આબરૂ, પ્રતિષ્ઠા, સદ્‌ભાવ, આદર કે સત્કાર. સન્માન એટલે જાહેરમાં વખાણ કરવા કે સન્માનપાત્ર કે ખિતાબ વગેરે આપી ગૌરવ પ્રદાન કરવું. જ્યારે અપમાન એટલે કોઈનો અનાદર, તિરસ્કાર, અપજશ, બદનામી કે અપકીર્તિ કરવી. હકીકતમાં માન-સન્માન અને અપમાન એ એક સિક્કાની બે બાજુ જેવા છે. જો તમે કોઈને માન આપો છો તો તમને પણ એમના તરફથી માન મળે છે, પરંતુ જો તમે કોઈનું અપમાન કરો છો તો બદલામાં તમને પણ વહેલો કે મોડો અપમાનનો અનુભવ કરવો જ પડતો હોય છે. આ તો ''જેવું વાવો તેવું લણો'' જેવી સીધી, સાદી અને સરળ વાત છે. Whatever you want, give it first, you will definitely get it back. It's that simple, give and take. જે આપશો એ જ પાછું મળશે, પછી તે માન હોય, સન્માન હોય કે પછી અપમાન હોય! ફક્ત પ્રેમ નહીં પણ. માન-સન્માન અને ઈજ્જત હોવા જોઈએ. પડદા પર બહુ જ ચાલેલી ''ઈંગ્લિશ વિંગ્લીશ'' ફિલ્મમાં શ્રીદેવીએ કહ્યું હતું કે, **''સિર્ફ પ્યાર નહીં, સન્માન-ઈજ્જત ભી હોની ચાહીએ''.**

આપણા વ્યવહારોમાં માત્ર પ્રેમ હોવો પૂરતું નથી, પ્રેમની સાથે સાથે માન અને સન્માનનો ભાવ પણ હોવો જ જોઈએ. કોઈને પણ વાત વાતમાં ઉતારી પાડવું કદાચ સહેલું છે, પરંતુ સામેની વ્યક્તિનું માન જાળવીને તેને યોગ્ય ઈજ્જત આપવાથી અરસપરસ આપણું પણ માન-સન્માન અને ઈજ્જત વધે છે એનો આપણને સહુને કદાચ ક્યારેક ને ક્યારેક અનુભવ થતો જ હોય છે.

આપણે કોઈને માન આપીએ એમાં આપણે કંઈ જ ગુમાવતા નથી હોતા, પણ હકીકતમાં તો બધું મેળવતા હોઈએ છીએ. સામેની વ્યક્તિને માન આપીને કોઈ ખાસ પ્રયાસ કર્યા વગર જ. આપણે કેટલાય માણસોની ભલમનસાઈ કે શુભેચ્છાઓ અને ભલી લાગણીઓ મેળવતા હોઈએ છીએ. સામા માણસને માન આપવાથી આપણી પોતાની એક સારા સજ્જન તરીકેની છાપ ઊભી થતી હોય છે, જે ભવિષ્યમાં ક્યારેક આપણા માટે ઘણી બધી લાભકર્તા પૂરવાર થઈ શકે છે. ધ્યાનમાં રાખજો કે, માન જોઈતું હોય તો માન આપો.

એક નગરમાં એક માણસ પાસે એવી વિદ્યા હતી કે તે અમુક શબ્દો બોલે કે તરત જ તે અદશ્ય થઈ જાય. એ બધાને જોઈ શકે પણ એને કોઈ જ જોઈ શકે નહીં. એ ગામના રાજાને થયું કે આવી વિદ્યા તો મારી પાસે હોવી જ જોઈએ. જો આ વિદ્યા હું હાંસલ કરી લઉં તો આખા નગરમાં હું અદશ્યરૂપે ફરીને જાણી શકું કે મારા નગરના લોકો મારા વિશે અને મારા નગરની વ્યવસ્થા માટે શું વિચારે છે. પોતાના પ્રધાનને કહીને રાજા એ માણસને પોતાની પાસે બોલાવીને બાજુમાં બેસાડે છે. એ માણસને આ અદશ્ય થવાની વિદ્યા શીખવાડવા માટે કહે છે. એ માણસ રાજાને આ વિદ્યા શિખવાડવાની કોશિશ કરે છે, પણ કોણ જાણે કેમ રાજાના મગજમાં આ વિદ્યા બેસતી નથી. માણસ ઘણી કોશિશ કરે છે, પરંતુ રાજા શીખી શકતો નથી. રાજાને નવાઈ લાગે છે કે આવા સહેલા શબ્દો પણ એને કેમ યાદ રહેતા નહીં હોય. ત્યારે કોઈકે રાજાને સલાહ આપી કે **''રાજા તમને જો આ વિદ્યા શીખવી હોય તો તમે આ માણસને ઊંચા સ્થાને બેસાડો અને તમે નીચે બેસો, ગુરુનું સ્થાન હંમેશાં શિષ્ય કરતાં ઊંચું હોવું જોઈએ.''** ચમત્કાર થાય છે કે જેવો એ માણસને ઊંચા સ્થાને બેસાડીને રાજા નીચે બેસે છે કે તરત જ તેને આ વિદ્યાના શબ્દો યાદ રહી જાય છે અને રાજા આ વિદ્યા શીખી લે છે. **ગુરુનું જો યોગ્ય માન-સન્માન જાળવવામાં આવે તો શિષ્ય અવશ્ય ગુરુ પાસેથી જ્ઞાન ગ્રહણ કરી શકવા સમર્થ બની શકે છે.**

પ્રત્યેક મનુષ્યમાં માન અને સન્માન મેળવવાની એક વૃત્તિ છૂપાયેલી જ હોય છે, જેથી તેને જે માન આપે તેના પ્રત્યે સ્વભાવિકપણે તે આકર્ષાય છે અને તેના માટે એના દિલમાં પ્રેમની લાગણી ઉદ્‌ભવતી હોય છે. આપણે જ્યારે કોઈક

ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરીએ તો એનો અર્થ એ નથી થતો કે આપણને હવેથી માન મેળવવાનો પરવાનો મળી ગયો. માન કે સન્માન એ કોઈ માગવાની કે મેળવવાની ચીજ નથી.

એક તેજસ્વી યુવાને વિદેશમાં રહીને પોતાના ક્ષેત્રમાં ઝળહળતી સફળતા મેળવી હતી અને તે જ્યારે સ્વદેશ પાછો ફરશે ત્યારે સમાજના જ્ઞાતિજનો તરફથી તેનું ભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવશે એવી તે અપેક્ષા રાખતો હતો, પણ બન્યું એવું કે એ સ્વદેશ પાછો ફર્યો ત્યારે સમાજમાં તેની સિદ્ધિની ખાસ કોઈ નોંધ લેવામાં ન આવી. આથી તે બહુ જ દુઃખી દુઃખી રહેવા લાગ્યો. તપાસ કરતાં એને ખ્યાલ આવ્યો કે એ માટે બીજો કોઈ જ જવાબદાર ન હતો, પણ તેનો પોતાનો અતડો અને અભિમાની સ્વભાવ જ જવાબદાર હતો. પોતાની સફળતા માટે ક્યારેય પણ સમાજે આપેલા યોગદાનની તેણે કદર કે પ્રશંસા કરી નહોતી.

માણસ એ એક સામાજિક પ્રાણી છે. A man is a men plus circumstances around him. માણસનું વ્યક્તિત્વ એ તેની આસપાસના સંજોગો અને પરિસ્થિતિઓ વડે જ ઘડાતું હોય છે. કોઈ પણ માણસનું ભવિષ્ય એ એકલો જ ઘડી શકતો હોતો નથી. એ ક્યારેય પણ ભૂલાય નહીં કે સમાજના અન્ય કેટલાય લોકોએ ભૂતકાળમાં આપેલા ભોગ અને સમર્પણ થકી જ આજે કેટલાય યુવાઓના ભવિષ્યનું ઘડતર થતું હોય છે. કોઈ પણ માણસ બીજાઓના સાથ અને સહકાર થકી જ આગળ આવતો હોય છે.

હકીકતમાં જીવનમાં ક્યારેય પણ પોતાની જાત માટે વધારે પડતી અપેક્ષાઓ સેવીને આપણે બહુ જ મહાન છીએ એવો કોઈ ગર્વ રાખવાનું કોઈ જ કારણ નથી. સમાજમાં દરેક વ્યક્તિનું એક આગવું પોતાનું ચોક્કસ સ્થાન હોય છે. વિરાટ વિશ્વમાં આપણી સિદ્ધિઓ આપણા માટે ક્યારેક ભવ્ય હોય એવું બની શકે ખરું, પણ આ તો બહુરત્ના વસુંધરા. કોઈ પણ રેકોર્ડ્સ આખરે તો તૂટવા માટે જ સર્જાતા હોય છે. કેટલાક માણસોને હંમેશાં સ્પર્ધાઓ બહુ જ ગમતી હોય છે કારણ કે એનાથી તે યેનકેન પ્રકારે જીતી જઈને પોતાનું મહત્ત્વ અન્યો કરતા વધારે છે એવું પુરવાર કરવા ઈચ્છતા હોય છે. આવા માણસો સતત આવા ‘પ્રુવીંગ મોડ’માં જ જીવતા હોય છે. જોકે આવા પ્રકારની વૃત્તિ યોગ્ય નથી. દરેકને એના યથાયોગ્ય સમયે ઉચિત માન-સન્માન મળી જ રહેતા હોય છે. આવા મનુષ્યો કેટલીક વખત બહારથી ના ના કરતા રહીને અન્ય વ્યક્તિઓ પાસેથી કાલાવાલા કરાવતા હોય છે કે સામા માણસને પ્રસન્ન કરવા માટે એ કહે એમ કરતા હોય છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જે માણસો માન કે સન્માનની અપેક્ષા રાખ્યા વગર નિરપેક્ષ ભાવે પોતાના શુભ કાર્યોમાં લાગ્યા પડ્યા હોય તેમના યોગદાનની કદર ઉચિત સમયે સમાજ કરતો જ હોય છે અને તેમના સેવાકાર્યોને સ્વીકૃતિ મળતી જ હોય છે.

સમાજમાં નિરપેક્ષ ભાવે થઈ રહેલા કાર્યોમાં ‘‘મા’’ની ભૂમિકાની અવશ્ય નોંધ લેવા જેવી છે. મા એ મા જ હોય છે! મા ને કેવા સંતાન પસંદ હોય તો એનો જવાબ છે કે મા ની કોઈ અપેક્ષા નથી હોતી, મા પોતાના સંતાને એ જેવા હોય એવા એમનામાં જે પણ ગુણો કે અવગુણો હોય, મા પોતાના સંતાનોને સમગ્રતયા-સંપૂર્ણપણે ચાહે છે. તેની કોઇપણ જાતની માગણી કે અપેક્ષા નથી હોતી. મા તેના સંતાનો માટે ગમગીની વખતે આશ્વાસન હોય છે. નિરાશાની પળોમાં આશા હોય છે અને નબળાઈ વખતે એ એમની તાકાત હોય છે. મા પ્રેમ, દયા, કરુણા અને ક્ષમાનો શ્રોત હોય છે. માને માન આપો કે તેનું અપમાન કરો. એ ક્યારેય પણ પોતાના સંતાનોનું બૂરૂં ઈચ્છી કે કલ્પી સુધ્ધાં શકતી નથી. એ ક્યારેક કદાચ સહન ન થાય તો સંતાનોને વઢી લેશે કે એકાદ ખૂણામાં જઈને આંસુ સારી લેશે, પણ તેના હ્રદયમાં પોતાના સંતાનો માટે ક્યારેય પણ બૂરી કે અમંગળ લાગણીઓ તો નહીં જ હોય. માતા-પિતાનું સ્થાન અને તેમનું પ્રદાન અનેરૂં હોય છે. આપણે સહુએ તેમનું યથાયોગ્ય માન-સન્માન જાળવવું જ જોઈએ. ગમે તેટલી સમૃદ્ધિની છોળો ઉછળતી હોય કે સોનાનો વરસાદ વરસતો હોય, એનો આપણા માટે કોઈ જ અર્થ નથી. આવા માણસોના ઘેર કોઈ જતું નથી હોતું.

ચાલો, આપણે સહુને નિરપેક્ષ ભાવે સાચા દિલથી માન આપીએ અને સહુના હ્રદયમાં અનેરું સ્થાન પ્રાપ્ત કરી સહુનું બહુમાન મેળવીએ.

*-સાભાર સર્જનહારમાંથી*

# તમે અને ધર્મ

## વિચારશક્તિનો અભાવ

કોઈ પણ વસ્તુનો વિચાર ન કરતા માત્ર પરંપરાથી ચાલી આવતી રૂઢિઓનું અનુસરણ કરવામાં જ સાર્થકતા સમજનારાઓ જીવનમાં કોઈ પણ જાતનો વિકાસ સાધી શકતા નથી. બુદ્ધિનાં દ્વાર સદંતર બંધ કરીને ઉત્કર્ષ સાધી શકાતો જ નથી. આપણે એ સમજી શકીએ છીએ કે એકડો ઘૂંટતું બાળક ક્રમેક્રમે અભ્યાસ કરતા એક દિવસ પદવીધારી યુવાન બની શકે છે. નાનકડું બી વર્ષો બાદ વિશાળ વૃક્ષમાં ફેરવાતું આપણે જોઈએ છીએ ત્યારે આપણને એ વિચાર ભાગ્યે જ આવે છે કે તો પ્રતિદિન દર્શન, પૂજન, તપ, જપ કરનાર વર્ષોના અંતે કેટલા મહાન થવા જોઈએ! દરરોજ ધાર્મિક કથાવાર્તાઓ સાંભળનારામાં કેટલો તીવ્ર વૈરાગ્ય પ્રગટયો હોવો જોઈએ. એમના તપનો પ્રભાવ કેટલો ઉત્કૃષ્ટ હોવો જોઈએ. એમનું મન કેટલું શાંત અને નિર્વિકારી બન્યું હોવું જોઈએ!

છતાં આપણે એવી અનેક ધર્મધ્યાનમાં મગ્ન રહેતી વ્યક્તિઓ આપણી આસપાસ જોઈએ છીએ જેમનામાં કોઈ પણ જાતનું પરિવર્તન થયું ન હોય. એ ની એ કટુ વાણી, સંસાર પ્રત્યે આસક્તિ, એ જ અશાંત મન! એ જોઈને કદી આપણને પ્રશ્ન નથી ઊઠતો કે આ બધી ક્રિયાઓનો હેતુ શો? શિક્ષિત અને અશિક્ષિત વચ્ચેનો ફરક આપણે પારખી કાઢીએ છીએ, સંસ્કારી અને અસંસ્કારીના વિચાર પાણીથી તરત જ જુદા પડી જાય છે. તો તપસ્વી, ધર્મધ્યાનીઓ પણ જરૂર તરત જ પરખાઈ જવા જોઈએ. તપના પ્રભાવથી ચમકતા ચહેરા તરત જ ઓળખાઈ આવવા જોઈએ.

જૈન ધર્મનાં તપ જેટલાં ઉગ્ર તપ ભાગ્યે જ કોઈ બીજા ધર્મમાં હશે. એવાં ઉગ્ર તપો આદરનાર વ્યક્તિઓનાં તપનો પ્રભાવ કેટલો મહાન હોવો જોઈએ! છતાં અત્યારે જૈન ધર્મમાં એવી કેટલી વ્યક્તિઓ નીકળશે કે જેમણે એમના તપના પ્રભાવથી આંતરરાષ્ટ્રીય તો દૂર, પણ દેશમાં પણ પૂર્ણ પ્રસિદ્ધિ મેળવી હોય! આટઆટલાં સાધુ-સાધ્વીઓ હોવા છતાં એમાંથી એવાં કેટલાં હશે કે જેમને ચરણે મત-પંથ અને ધર્મના ભેદભાવ ભૂલી સર્વ કોમની વ્યક્તિઓ એમના તપના પ્રભાવથી આકર્ષાઈ આવતી હશે?

સર્વસ્વનો ત્યાગ કરી સાધુ થનારાઓમાં મત-પંથના ઝઘડા સાંભળીએ છીએ ત્યારે કેટલું આશ્ચર્ય થાય છે! આત્મચિંતનમાં મસ્ત રહેતા સંતને વળી મત-પંથ શા ને ઝઘડા શા? સાધુઓ અને મત-પંથના ઝઘડા એ વિચાર પણ હાસ્યાસ્પદ લાગે. જેણે વિશ્વને પોતાનું બનાવ્યું છે એવા ત્યાગીઓને મત-પંથનો મોહ સ્વપ્ને પણ સંભવે નહિ. મત-પંથને માટે ઝઘડનાર સાધુ વ્યક્તિ સાધુ હોઈ શકે જ નહિ. જ્યારે આપણે સાધુસમાજમાં ઐક્ય સ્થાપવાની વાતો, સાધુઓ સંમેલન બોલાવવાની વાતો વાંચીએ છીએ ત્યારે એ કેટલું વિચિત્ર લાગે છે. આમ છતાં આપણે કદી બુદ્ધિનો ઉપયોગ કરતા નથી. આંખો બંધ રાખી ચાલ્યા જ કરીએ છીએ. ક્યાં જઈએ છીએ તેનું પણ આપણને ભાન નથી. સાધુત્વની પૂજાને બદલે વેદપૂજામાં ધર્મ માની લીધા છે. પ્રતિદિન તપ, જપ, પૂજન, દર્શન કરવાં છતાં આપણે આપણા જીવનને તપાસીશું તો એમાં કેટલું પરિવર્તન થયું છે તે સમજાશે. દરરોજ પરમશાંતિના સ્થાનસમા વીતરાગ પ્રભુનાં દર્શન કરવા છતાં આપણામાં કેટલી શાંતિ આવી એ પ્રશ્ન કદી આપણને થાય છે ખરો? આપણામાંથી રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ જો ધીમેધીમે અદૃશ્ય ન થાય તો આ બધી ક્રિયાનો કંઈ અર્થ જ નથી.

આપણા મનમાં કદી એ પ્રશ્ન ભાગ્યે જ ઊઠે છે કે કયા આદર્શની સિદ્ધિ માટે આપણે આ બધી ક્રિયાઓ કરીએ છીએ. આપણે એવાં અનેક સ્ત્રી-પુરુષો જોઈએ છીએ જેઓ ધાર્મિક ક્રિયાકાંડોમાં મશગૂલ રહે છે અને જાણે ધર્મનો બધો ભાર વહન કરતાં હોય છે એમ આપણને લાગે છે. એમની પાસે પૈસો, પ્રતિષ્ઠા, સંતતી વગેરે બધું હોવા છતાં સંસારત્યાગની ઈચ્છા થતી નથી. ધર્મ માત્ર તેમના જીવનની એક ક્રિયા જ બની રહે છે. અમુક કાર્ય કરવું જોઈએ તેટલા ખાતર અને આ જન્મમાં ધર્મધ્યાન કરવાથી આવતા જન્મમાં સારી ગતિ કે દેવલોક પ્રાપ્ત થશે એવી ભાવનાથી તપ કરનારા અનેક મળી આવશે.

કેટલાક લોકો જ્યારે મુશ્કેલીમાં સપડાય છે ત્યારે તેમાંથી મુક્ત થવા ધાર્મિક ક્રિયાઓ આદરે છે, અનેક જાતની બાધાઓ રાખે છે, ધર્મનો ઉપયોગ પણ સંસારસુખને માટે કરી માનવ પોતાની ક્ષુદ્રતાનું પ્રદર્શન કરે છે, પરંતુ મોક્ષની પ્રાપ્તિ માટે, આત્મશુદ્ધિ અર્થે ધર્મધ્યાન કરનારા કેટલા મળશે? આપણે નાનીનાની બાબતોમાં જરાય બેદરકાર નથી રહેતા. લગ્ન-વિવાહ વખતે જરાય ભૂલ ન થાય અને બધું કાર્ય બરાબર પાર પડે તે માટે કેટલો પ્રયત્ન કરીએ છીએ! અનેક ગોઠવણો કરીએ છીએ, પણ જેના ખાતર આ માનવજીવન છે, તેના પ્રત્યે આપણે કેટલા બેદરકાર

છીએ! આત્માની મુક્તિ અર્થે આપણે કેટલો પ્રયત્ન કરીએ છીએ? મોક્ષને આપણે આપણા જીવનનું ધ્યેય બનાવ્યું છે?

રાત-દિવસ દોડધામ અને ધાંધલભર્યા જીવન પર આપણે વિચાર કરીએ છીએ ખરા? મોટા થવું, ભણવું, પરણવું, મા-બાપ બનવું, સંતાનોને પરણાવવા, સમાજમાં પૈસો અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં જ આપણા માનવજીવનની પૂર્ણાહુતિ કરી સાર્થકતા અનુભવીએ છીએ. કદી એ કલ્પના પણ કરતા નથી કે શું આ જ વસ્તુઓની પ્રાપ્તિ માટે માનવજીવન છે? તો પછી એવી કઈ વસ્તુ હતી કે જેને મેળવવા માટે મહાવીર પ્રભુ જંગલોજંગલ વર્ષો સુધી રખડયા, એ કઈ વસ્તુ હશે કે જેના આકર્ષણ આગળ એમને સર્વ કાંઈ તુચ્છ જણાયું? આપણા જીવન અને આપણી કોઈ ક્રિયા આદર્શ નથી. બુદ્ધિ હોવા છતાં આપણે તેનો જરાય ઉપયોગ કરતા નથી. બુદ્ધિનો ઉપયોગ કરનાર નાસ્તિકમાં ખપે છે. બુદ્ધિમાન વર્ગ જ્યારે જુનવાણી વિચારોને અનુસરતો નથી ત્યારે એના પર નાસ્તિકતાનું દોષારોપણ કરવામાં આવે છે.

કોઈ પણ બુદ્ધિમાન વ્યક્તિ આંખો બંધ કરીને આંધળિયા નહિ કરે, પણ સત્યને જરૂર અનુસરશે, તેની બુદ્ધિને સંતોષે એવી વસ્તુને તે જરૂર સ્વીકારશે, પણ શિક્ષિતોમાં શ્રદ્ધા નથી. તેમને તત્ત્વ જાણવાની ઈચ્છા નથી એવો દોષ તેમના પર મૂકવો એટલે પોતાની ઊણપો ઢાંકવાનો પ્રયત્ન કરવા સમાન છે. આ દુનિયામાં એવા પણ લોકો છે જેમની પાસે પૈસા, પદવી, પ્રતિષ્ઠા હોવા છતાં માત્ર આત્માની મુક્તિ કાજે જ તેમણે યુવાન વયમાં સર્વસ્વનો ત્યાગ કરી કઠોર જીવન અપનાવ્યું છે.

આપણે એ જાણવાની કદી કોશિશ પણ નથી કરી કે કેમ કોઈ વૈભવમાં મહાલતી વ્યક્તિ કે જેને ચરણે પ્રતિષ્ઠા આળોટતી હોય તે દીક્ષાનો સ્વીકાર નથી કરતી. આજે આપણા સાધુસમાજમાં એવાં કેટલાં સંત-સતીઓ સાંપડશે કે જેમના સાંનિધ્ય માત્રથી મનુષ્યો સર્વસ્વ ત્યાગવા તૈયાર થઈ જાય. ઉપદેશના એક પણ અક્ષર વિના જેના ચરણે આત્માર્થીઓ જીવન ધરી દે એવા કેટલા તપસ્વીઓ નીકળશે? આત્માનંદમાં મસ્ત બનેલા શ્રમણોને ગચ્છ કે પંથ સાથે કંઈ સંબંધ નથી હોતો. જ્યાં જ્યાં ત્યાગમૂર્તિ વિચરે ત્યાં ત્યાં ક્લેશનું નામોનિશાન ન રહે. તેઓ તો તેમના આનંદમાં જ મસ્ત હોય છે.

આપણે એ પણ કદી નથી વિચાર્યું કે જે જૈન ધર્મ એના ઉદાર સિદ્ધાંતોથી વિશ્વધર્મ બનવો જોઈએ, તેને બદલે એક નાની સંખ્યાની મિલકત કેમ બની રહ્યો છે. ધર્મના સિદ્ધાંતોના પ્રચારની જવાબદારી ગૃહસ્થોની નહિ, પણ સાધુસમાજની હોય છે. સત્ય જાણી બીજાને સમજાવવાનું કાર્ય એમનું હોય છે. જે સમાજ બુદ્ધિનો જરાય ઉપયોગ ન કરે તેનો વિકાસ પણ ક્યાંથી સંભવે? જ્યારે આપણા જીવનનું કેન્દ્ર આત્માની મુક્તિ બનશે ત્યારે ઝઘડાઓ આપોઆપ અદશ્ય થઈ જશે. વિચારશક્તિનો ઉપયોગ કરી સાચું-ખોટું પારખતા શીખવાથી ખોટા ભ્રમો દૂર થશે અને નિરર્થક જતી શક્તિઓનો ઉપયોગ આત્મવિકાસમાં કરી શકાશે.

# સમ્યક્ શ્રદ્ધા: સ્વ-પર કલ્યાણકારી

■ ગુણવંત બરવાળિયા

મિત્રોમાં ચર્ચા ચાલતી હતી, શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાની. સાચી શ્રદ્ધા માનવીને તારે, અશ્રદ્ધા જીવનને જડતા તરફ લઈ જાય, અંધશ્રદ્ધા ડૂબાડે. અંધશ્રદ્ધા વ્યક્તિગત જીવનમાં નૈતિક અધ:પતન કરાવે. આધ્યાત્મિક પ્રગતિ જ ન થાય, કારણ મિથ્યાત્વમાંથી જરીક પણ પગ બહાર ન કાઢી શકે.

અંધશ્રદ્ધા સમાજ માટે કેટલી નુકસાનકારક છે તે સંદર્ભમાં મિત્રે એક રસપ્રદ જ નહિ, ચિંતનપ્રેરક વાત કરી.

થોડા દિવસ પહેલાં એક અનાથાલયની મુલાકાતે જવા માટે અમે કેટલાક મિત્રોએ એક સ્થળે મળવાનું નક્કી કર્યું. સર્વધર્મ મંદિર મુક્તિધામ-નાસિક અને વિવિધલક્ષી મહારુગ્ણાલય-હૉસ્પિટલ બન્ને વચ્ચેના સંકુલમાં આવેલ બગીચાની એક બેંચ પર બેસીને હું મિત્રોની રાહ જોતો હતો. એવામાં હૉસ્પિટલ બાજુથી પાંચેક વ્યક્તિ આવી બાજુમાં નજીકમાં જ બેઠી.

બે પુરુષો, બે સ્ત્રી અને એક ૧૮ વર્ષનો છોકરો. વાતચીત પરથી જાણ્યું કે બે પુરુષો પિત્રાઈ ભાઈઓ હતા. તેમાંના એક ભાઈનો ૧૮ વર્ષનો યુવાન પુત્ર હૉસ્પિટલમાંથી સાજો થઈને છુટ્ટી મળતાં જ બીમારીમાંથી મુક્ત થયો હતો. એક સ્ત્રી તે યુવાનની માતા અને બીજી દાદી હતી.

''આ હૉસ્પિટલ બનાવનાર સૌ ધન્યવાદને પાત્ર છે. જેણેજેણે આમાં દાન આપ્યું છે તેણે તો પુણ્યના ગંજ ખડકી

દીધા છે.'' છોકરાના પિતા બોલ્યા. આ સાંભળી બીજા ભાઈએ કહ્યું કે, ''તારી વાત સાચી છે. આપણે પહેલાવહેલા છોકરાને ખાનગી ડૉક્ટર પાસે લઈ ગયા હતા તો તેણે આઠ હજાર ખર્ચ આવશે તેમ કહેલું. આટલા રૂપિયા આપણે ગરીબ માણસ ક્યાંથી લાવીએ. સારું થયું કે આપણે આ વિવિધલક્ષી હૉસ્પિટલમાં આવ્યા. દસ દિવસે છોકરો સાજો થયો અને આ ધર્માદા દવાખાનાનું બિલ તો પંદરસો રૂપિયા જ આવ્યું.''

દાક્તર તો દેવ જેવા ને આ નર્સ તો દયાળુ પરી જેવી. છોકરાની ઊભેપગે ચાકરી કરી. ભગવાન એનું ભલું કરે! માજીએ અંતરના આશીર્વાદ આપ્યા.

આપણું કામ સારી રીતે પાર પડી ગયું તો માતાજીના મઢે જઈને જ ગામને ઘરે જઈએ, મોટો ભાઈ બોલ્યો. નાનો કહે, માતાજીની જગ્યાએ જવાનો કેટલો ખર્ચ થશે? નાળિયેર, પૂજાપો, ચૂંદડી, ફૂલમાળ, પૂજારી અને પ્રસાદના થઈને વધામણાના સાડી ચારસો જેવા ને દોઢસો ટિકિટના ગણો તો છસ્સો રૂપિયા ખરચ થાય. મારી પાસે ત્રણસો-સવા ત્રણસો સિલક છે. ત્રણસો તારે ઉછીના આપવા પડશે. મોટાએ બજેટ રજૂ કર્યું.

રસ્તામાં ઘંટાળીમાની દેરીએ એક ઘંટ પણ ચડાવતા જઈએ. દોઢસો વધુ થાશે. હું સાડા ચારસો ઉછીના આપીશ. સગવડે પાછા આલજે. દવાખાનાનું બિલ વધુ આવ્યું હોત તો ભરવું જ પડત ને. માના પરતાપે તો સૌ સારાં વાનાં થયાં. નાનાએ ટાપશી પૂરી.

આમાં તો આખો દિવસ ભાંગી જશે, છોકરાની માએ કહ્યું.

તે તારે ક્યાં આજે જ હળે જુતવા જવું છે? છોકરાના બાપે કહ્યું.

છોકરો માંડ પથારીમાંથી ઊભો થીયો છે. દાક્તરે હજુ આઠ દી પરેજી પાળવાની અને ઘરની બહાર નહીં નીકળવાનું કહ્યું છે. છોકરાને હજી નબળાઈ બહુ છે. આ દેવી-દેરાનાં વધમણાંનું પછી રાખો તો સારું ભાઈ, દાદીએ વ્યથા રજૂ કરી.

આ સાંભળી હું બોલ્યો, ભાઈઓ, તમારે ક્યાં રે'વું? સાંભળી મોટો ભાઈ કહે, સાપુતારા બાજુને ગામડે રહીએ છીએ. છોકરાને દવાખાને દાખલ કર્યો'તો, આજ છુટ્ટી દીધી. હવે ઘરે જાવું છે, પણ જાતા પેલા છોકરાને માતાજીને પગે લગાડતા જાવું છે.

તમે આ ધર્માર્થ દવાખાનું બનાવનાર દાનવીરો અને ડૉક્ટરનાં વખાણ કર્યાં તે સાંભળ્યું, તમે એની કદર કરી તે મને ગમ્યું, પણ તમે દેવું કરી ઉછીના-ઉધાર લઈ માતાજીનાં વધામણાં કરવા જવાનો વિચાર કરો છો તે કેટલું યોગ્ય? ઘંટાળીમાના દેરે બસ્સો ઘંટ પડ્યા છે. માણસો ચોરીને ઘંટ ભગારમાં વેંચી દે છે. રાખવાની જગ્યાના અભાવે પૂજારી પણ ઘંટ વેચી દે છે. આને બદલે તમે જે ધર્માદા દવાખાનામાં લાભ લીધો તે દવાખાનાના ટ્રસ્ટને રૂા. ૧૫૧ દાનમાં દો તો તમારા જેવા જરૂરિયાતવાળાના ઉપયોગમાં જ એ રકમ વપરાશે. તમે કહેતા હતા ને કે આ દવાખાનામાં દાન દેનારે પુણ્યના ગંજ ખડક્યા, તો તમે પણ યથાશક્તિ આપી પુણ્ય કમાઈ લો, મેં કહ્યું.

ધરમ-કરમ તો કરવાં જ જોઈએ ને, નહીં તો દેવ ના કોપે? નાનો બોલ્યો.

સામે મુક્તિધામમાં સર્વધર્મનાં દેવ-દેવીઓની સુંદર મૂર્તિઓ છે. ત્યાં જઈ ભાવપૂર્વક છોકરાને દર્શન કરાવો અને તમે બધા પણ દર્શન કરો. મંદિરના ભંડારમાં રૂા. ૧૫૧નું દાન કરો. શ્રદ્ધાપૂર્વકનાં દેવદર્શન તમારા પરિવારનું જરૂર કલ્યાણ કરશે.

આમ કરવાથી તમે દેવું કરવામાંથી પણ બચશો અને છોકરો મુસાફરીથી બચી ઘરે આરામ કરી શકશે. મેં આત્મીયભાવે બન્ને ભાઈઓને કહ્યું.

આ ભાઈની વાત સાચી છે, દાદીએ કહ્યું. બધા સંમત થયા. નાનો કહે, હું હૉસ્પિટલમાં જઈ એકસો એકાવનની પાવતી ફડાવીની આવું છું. તમે સૌ મંદિર તરફ ચાલો. દર્શન કરીને પછી જ ગામને ઘરે જઈએ.

મોટા ભાઈએ ચાલો ત્યારે, રામરામ કરી સ્મિત કર્યું તે ક્ષણે મને પ્રસન્નતા અને સંતોષની લાગણી થઈ.

મિત્ર પટેલે ઘટનાની વાત પૂરી કરતાં મારા મનમાં ચિંતનની ચિનગારી ચાંપી. સંતો અને લોકશિક્ષકો સમાજના એક મોટા વર્ગને અંધશ્રદ્ધામાંથી બચાવી શકે.

આવા એક મોટા વર્ગનો પૈસો અને સમય બાધા, આખડી, દોરા, ધાગા, ભૂવા, ડાકલા પાછળ વ્યર્થ ખર્ચાતો બચે અને એ સમય અને નાનકડી પણ વિશાળ સંપત્તિનો પ્રવાહ દાન દ્વારા શિક્ષણની સંસ્થાઓ, વિદ્યાલયો, આરોગ્યની સંસ્થાઓ, હૉસ્પિટલો પ્રતિ વળે તો એ બધું મળીને કેટલું મોટું કામ થઈ શકે. નહિ તો વેઠિયા ઘંટી ચાટે ને પૂજારીને મલીદા જેવો ઘાટ થાય.

સમ્યક્ શ્રદ્ધા જ ધર્મનો પાયો છે અને તે જ સ્વ-પર કલ્યાણનું કારણ બની શકે.

# સમ્યગ્ દૃષ્ટિ મા

■ પૂ. આચાર્ય શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.

આપ્તની શરણાગતિ સ્વીકારીને તેમના મુખે પરમાપ્ત એવા અરિહંતનો ઉપદેશ સાંભળવો જોઈએ.' એ અરિહંત પરમાત્માનો ઉપદેશ તેમના કહેલા આગમમાં સમાયેલ છે. એ આગમ એટલે જ દ્વાદશાંગી. તેનું પરિજ્ઞાન ઈ પૂરેપૂરું જ્ઞાન મેળવવા માટે સઘળોય પ્રયત્ન કરવો જોઈએ. એ આગમનું પરિજ્ઞાન પામવું કાંઈ સહેલું તો નથી જ, પરંતુ વર્તમાનકાળના અલ્પજ્ઞ એવા આપણા પર પરમ ઉપકાર કરીને યુગપ્રધાન, સાધિકનપૂર્વી પૂજ્ય આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે આગમ શ્રુતને ચાર વિભાગમાં વહેંચી દીધું. આ ચાર વિભાગ એટલે જ (૧) ચરણકરણાનુયોગ (૨) દ્રવ્યાનુયોગ (૩) ધર્મકથાનુયોગ અને (૪) ગણિતાનુયોગ.

પૂજ્ય આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજનું જીવન પણ જાણવા જેવું છે. સ્વયં બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. 'દશપુર' નગરમાં રહેતું એમનું કુટુંબ આખું વૈદિક ધર્મને માનતું હતું, જ્યારે તેમની માતા 'રુદ્રસોમા' જિનમતની અનુયાયી પરમ સમકિત શ્રાવિકા હતાં.

નાની ઉંમરમાં જ તેમના પિતા 'સોમદેવે' તેમને કાશી ભણવા મોકલ્યા હતા. ત્યાં વર્ષો સુધી રહી ચૌદ વિદ્યાના પારગામી બનીને ઊગતી યુવાન વયે પોતાના વતનમાં તેઓ પાછા આવ્યા. નગરના રાજવી પટ્ટહસ્તી લઈને એમનું સ્વાગત કરવા ગયા. આખું નગર પણ સ્વાગત કરવા માટે ઊમટ્યું, રાજાએ એમને હાથીની અંબાડીએ બેસાડ્યા. સામૈયું આખી નગરીમાં ફરીને પછી રાજસભામાં આવ્યું. રાજસભામાં એમનું વિશિષ્ટ સન્માન-સત્કાર ને બહુમાન કરવામાં આવ્યું. સભામાં આખું ગામ હાજર હતું. આમ છતાં આ પ્રસંગે આર્યરક્ષિતની માતા હાજર ન હતી. આખું ગામ આર્યરક્ષિતને જોતું હતું, પણ આર્યરક્ષિત પોતે તો સભામાં પોતાની માને જ શોધતા હતા. ક્યાંય મા દેખાતી નહોતી. બાળપણથી જ એમની માએ એમને કેવું વાત્સલ્ય આપ્યું હશે કે, રાજસભામાં પણ તેમની આંખો 'મા'ને શોધતી હતી. આખું નગર છે, પણ મારી 'મા' કેમ નહિ? એ જાણવાની એમની ઈંતેજારી હતી. મન ક્યાંય લાગતું નહોતું. જેવી રાજસભા પૂરી થઈ કે તરત જ દોડતા ઘરે ગયા. 'મા' ક્યાં છે? એમ પૂછતાંપૂછતાં ઘરમાં ફરી વળ્યા ત્યારે એમની મા ઘરના ખૂણે સામાયિક લઈને સ્વાધ્યાય કરી રહી હતી.

આ ઘટનામાં આગળ વધતાં પહેલાં જરા તમે તમારી પરિસ્થિતિનો વિચાર કરી જુઓ! તમારો દીકરો અમેરિકા જઈ ભણી-ગણીને આવ્યો હોય ત્યારે જો સમાજે મોટો મેળાવડો યોજ્યો હોય તો તે વખતે એની મા સામાયિકમાં બેસી રહે એવું બને ખરું? આ બધી ઘટનાઓ સાથે તમારો કાંઈ મેળ મળે છે ખરો? આર્યરક્ષિતજીની મા તમારી દૃષ્ટિએ કેવી કહેવાય? અગર તમારો દીકરો આ રીતે ભણીને આવ્યો હોય ને એના સ્વાગતના અવસરે તમારી પત્ની સામાયિક લઈને બેસે તો તમે એને શું કહો? આટલું તમે તમારી જાતનું નિરીક્ષણ કરજો! હવે આપણે આગળ વધીએ. મા સામાયિકમાં છે, અડાય નહિ, એવું એ બરાબર જાણે છે એટલે એ દૂરથી જ માના પગમાં માથું મૂકતા હોય તેમ નમસ્કાર કરે છે અને ભીનાભીના અવાજે પૂછે છે કે, ''મા! આટલે દૂરથી આવ્યો છું, ઘણુંબધું ભણીને આવ્યો છું, આખા નગરે મારું સ્વાગત કર્યું. એક તું જ ન આવી? હું ભણીને આવ્યો તે તને શું ન ગમ્યું?''

જવાબમાં એની માએ કહ્યું કે, ''બેટા! ગામ તારી 'મા' નથી, તારી 'મા' તો હું છું. કેવળ હિંસામાં પ્રવર્તાવતા એવા કુશાસ્ત્રના પરિશીલનરૂપ અને પરિણામે દુર્ગતિમાં લઈ જનારી વિદ્યા ભણીને તું આવ્યો, તે તારી 'મા'ને કઈ રીતે ગમે?''

આર્યરક્ષિતજી જે વિદ્યા ભણીને આવ્યા હતા તે ભલે મિથ્યાત્વવર્ધક હતી, પણ નાસ્તિકતાપોષક તો ન જ હતી. તેથી જ તેમનામાં સંસ્કાર ને લાયકાત જીવંત રહ્યાં છે. આજની વિદ્યા ભણેલો તો ફટ કહી દે કે, 'તને ન ગમે તો કાંઈ નહિ, તારું તું જાણે,' પણ આર્યરક્ષિતજીએ એવું ન કર્યું, તેમણે તો કહ્યું કે, 'મા! તો તું બોલ કે હું શું ભણું તો તને આનંદ થાય?'

મા બોલી - 'તું દૃષ્ટિવાદ ભણે તો મને આનંદ થાય.'

'એ મને કોણ ભણાવે?'

'તારા મામા દીક્ષિત થયેલા છે, આર્ય તોસલીપુત્ર તેમનું નામ છે. તું એમની પાસે જા! એ તને દૃષ્ટિવાદ ભણાવશે, પણ આ ભણવા માટે એટલું ધ્યાન રાખજે કે તેઓ તને જે કહે તે તું કરજે!'

એ મા જાણતી હતી કે, દૃષ્ટિવાદ એમ ને એમ ન ભણાય. એ માટે પહેલાં દીક્ષા લેવી પડે. આટલે દૂરથી દીકરો આવ્યો, વર્ષો પછી ભણીને આવ્યો ને તરત દીક્ષા લેવા માટે રવાના કરી દીધો? ન એને ખવડાવ્યું, ન પીવડાવ્યું! કાંઈ સમજાય છે? શ્રી આર્યરક્ષિતની 'મા' એ આદર્શ મૂર્તિ હતી. અહીં જેટલી મા બેઠી હોય, તે બધા માટે આ મા 'આરાધ્ય મા' બનવી જોઈએ.

Right Frame for
Right Occasion



OPTICAL PALACE

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com



WE TURN YOUR EVENTS TO MOMENTS

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

अvasar®
ALL ABOUT MARRIAGE

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com

*Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!*




EVERY SAREE TELLS A STORY

Sukanya®
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636

advt.




## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ, જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા ભારતભરના જૈન જાગૃતિના ૧૭૦ સેન્ટરોના ૬૫૦૦૦ સભ્યોવતી શ્રી અટલ બિહારી વાજપાયીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
ચેરમેન : શ્રી સંજયભાઈ શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
ચેરમેન : શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી



Swar Madhuri Events ™
Presents
SADA BAHAAR GAANE
"LONG LIVE ASHAJI"
SATURDAY
08.09.2018
08:15PM
RAVINDRA NATYA MANDIR
PRABHADEVI, DADAR
SINGERS :
Ajit Morye
Priya Chawan
Kirron Shah - Producer & Organizer
Alok Katdare
Harish Gwala
Rani Kaur
Vinayak Shinde
Compere
Milind Nishikant Acharekar
Music Arranger
Online Booking :
bookmyshow
Tickets : 500/-, 300/-, 200/-
For Sponsorship & Group Booking :
9172897707 / 9049942470
www.justdial.com/swarmadhurievents
www.swarmadhurievents.com
advt

# Nehru Centre Drama Festival માં Select થયેલ
## ૨૦૧૮નું એકમાત્ર ગુજરાતી નાટક

**જુલાઈ અને ઑગસ્ટ Totally Full. સપ્ટેમ્બર, ઑક્ટોબર, નવેમ્બર નું બુકિંગ પૂરજોશ મા ચાલુ.**

આ નાટક ના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. ખરેખર નં ૧ નાટક. ઘણા વખતે એવું બન્યું કે મેમ્બરો એ ખોબો ભરી ભરી ને વખાણ કર્યા. હું દરેક જે.જે.સી. ગ્રુપો ને recommend કરીશ. - ધીરજ ધરોડ (જે.જે.સી. પનવેલ)

આડો વાર હોય કે રવિવાર બની જશે એક તહેવાર, જયારે તમે જોશો સુપરહિટ નાટક "એક ચતુર નાર ભારે હોશિયાર." દરેક ગુજરાતી એ ગર્વ લેવા જેવું નાટક, અમે ૩૦ ઑગસ્ટ એ બુક કરાવ્યું, તમે પણ જલ્દી બુક કરાવો. હું દરેક જે.જે.સી. સંસ્થાને ભલાભણ કરું છું. -શ્રી. અનિલભાઈ દોશી (જે.જે.સી. અમૃતનગર)

સુંદર અભિનય, વાર્તાપરની જોરદાર પકડ અને નવી લાજવાબ કોમેડીથી ભરપૂર નાટક "એક ચતુર નાર ભારે હોશિયાર" જે.જે.સી. શિવાજી પાર્કના દરેક મેમ્બરે ખુબ ખુબ વખાણ્યું. એક પણ ચીલા ચાલુ જોક ન હોવા છતાં પ્રેક્ષકો નોનસ્ટોપ ખડખડાટ હસતાં રહયા અને વન્સમોર વન્સમોર કરતા રહયા. વાર્તામાં નવીનતાને કારણે પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખ્યા. આટલું સુંદર નાટક બતાવવા માટે દરેક મેમ્બર બહાર નિકળતી વખતે અમારી committee ને thank you કહેતા ગયા. મલ્લિકાબેન નો અભિનય અને નિમેષભાઈની કોમેડી અફલાતૂન છે. દરેક જે.જે.સી. ગ્રુપે સભ્યોને અચૂક બતાવવા જેવું નાટક.-શ્રી લક્ષ્મીચંદ વોરા (જે.જે.સી. શિવાજી પાર્ક)



દરેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ એ એકી અવાજે સ્વીકારેલું નાટક
મુંબઈમાં સુપરહિટ... ગુજરાતમાં સુપરહિટ... પુનામાં સુપરહિટ... દિલ્હીમાં સુપરહિટ... દુબઈ નક્કી... અમેરિકા નક્કી... કેનેડા નક્કી... લંડન નક્કી... આફ્રિકા અને બેલ્જિયમ ની વાત ચાલુ છે.

**દેવિન્દ્રા આર્ટસ** અને **નિમેષ શાહ** પ્રસ્તુત

# એક ચતુર નાર ભારે હોશિયાર

**નિમેષ શાહ** લિખિત **અરવિંદ વૈદ્ય** દિગ્દર્શીત
**સુશીલા શાહ** અને **મલ્લિકા શાહ આવટે** નિર્મિત

★ કોમેડી કિંગ નિમેષ શાહ, એકતા ડાંગર, પ્રકાશ વાઘેલા તથા સમીર રાજડા અને ક્વીન ઑફ કોમેડી મલ્લિકા શાહ

Arvindbhai Khatri Sons | amarsons BANDRA Pune | Shoes: METRO | ALANKAR CHASHMAWALA Kalbadevi-Santacruz-Borivali

**શો સંપર્ક : 9820242726**

advt.

# ૫મી સપ્ટેમ્બર શિક્ષણ, શિક્ષા અને શિક્ષકનો ગૌરવ દિન

■ હરીશ શાંતિલાલ મહેતા

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ, શિક્ષા અને શિક્ષકનું ખૂબ જ ભાવાત્મક મહત્ત્વ છે. ગુરુકુળ અને આશ્રમવ્યવસ્થાથી માંડીને હાલના વેસ્ટર્ન કલ્ચરવાળા શિક્ષણથી શિક્ષા અને શિક્ષકોના મૂલ્યાંકનમાં ફરક જરૂર પડયો છે, છતાંય મહદ અંશે ભારતીય શિક્ષણવ્યવસ્થામાં ગુરુ અર્થાત્ શિક્ષકનો દરજ્જો ખૂબ જ ઉચ્ચ સ્થાને રહ્યો છે.

બાળકોમાં સંસ્કારનું સિંચન કુટુંબમાં થાય છે, પણ વ્યવહારદર્શનનું શિક્ષણ શાળાઓમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મળે છે. હાલની શિક્ષણવ્યવસ્થા વ્યાવસાયિક અને ધંધાદારી ભલે થઈ ગઈ હોય, પણ શિક્ષણનું મહત્ત્વ આજે પણ આપણા સમાજમાં ભારોભાર છે.

શિક્ષકો અર્થાત્ ગુરુને ગૌરવ આપતાં બે પર્વની ઉજવણી આપણા વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહભેર કરે છે. એક તો સદીઓથી આવતી ગુરુપૂર્ણિમાની ઉજવણી અને સને ૧૯૬૨થી દર વર્ષે ૫મી સપ્ટેમ્બરના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી જે રાષ્ટ્રીય સ્તરે થાય છે. મૂળે આપણા દેશના બીજા રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને આપણે શિક્ષક દિન ઊજવતા થયા છીએ. સને ૧૮૮૮માં આ જ દિવસે જન્મેલા ડૉ. રાધાકૃષ્ણન એક આદર્શ શિક્ષણશાસ્ત્રી તથા આધ્યાત્મિક માર્ગદર્શક રહ્યા. દેશના સર્વોચ્ચ સ્થાને બિરાજમાન હોવા છતાં શિક્ષા તથા શિક્ષકો પ્રત્યેના તેમના પ્રેમને કારણે સરકારે તેમના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઊજવવાની શરૂઆત કરી. આમ હિંદુ સંસ્કૃતિવાળા નેપાળ અને ભારતમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી ઉપરાંત ભારતમાં અન્ય એક વધુ 'શિક્ષક દિન'ની ઉલ્લાસપૂર્વક ઉજવણીની શરૂઆત થઈ.

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા;
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુભ્યે નમઃ।।

ભારતીય સંસ્કૃતિએ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જેવા ઊંચા આસને બેસાડયા છે. રાષ્ટ્રીય સ્તરે ઊજવાતા 'શિક્ષક દિન'ની પછી ઘણાં વર્ષો બાદ યુનેસ્કોએ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષક દિનની ઉજવણી ૧૯૯૪થી દર વર્ષે ૫મી ઑક્ટોબરના રોજ કરવાનું નક્કી કર્યું. આ દિવસે ઉજવણી ઉપરાંત શિક્ષકને Thanks Givingનો કાર્યક્રમ યોજવામાં આવે છે. વિશ્વના લગભગ તમામ દેશો શિક્ષક દિનની ઉજવણી અલગ અલગ દિવસે કરે છે. અમેરિકામાં તો મેં મહિનાનું પહેલું અઠવાડિયું આખું શિક્ષકોના માનાર્થે ઊજવાય છે અને તેનો પહેલો મંગળવાર 'શિક્ષક દિન'ની ઉજવણીરૂપે ઊજવાય છે. આ દિવસે અભ્યાસ કરતાં આનંદ અને સંભારણાંના દિવસ તરીકે વધુ ઊજવાય છે. આમ વર્લ્ડ ટીચર્સ ડે સિવાય પણ ઘણા દેશો શિક્ષક દિનની ઉજવણી વિવિધ દિવસોએ કરે છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીનાં ૧૨૫ વર્ષ પૂરાં થયાં. એક મહાન શિક્ષણશાસ્ત્રીને કદાચ હાલની નવી પેઢી ઓળખતી નહીં હોય, પણ દેશના સર્વોચ્ચ સ્થાને બિરાજમાન એક વિલક્ષણ વ્યક્તિ અને સંસ્કૃતિના ગૌરવસમા સાક્ષરને પ્રજા ખૂબ જ માન અને સન્માન આપતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ શિક્ષણ જગતમાં તેમનું નામ પૂજનીય સ્તરે લેવાતું.

''ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય ?''

ગુરુ અને ભગવાન બંને સાથે ઊભા હોય તો કોને પ્રથમ વંદન કરવા એવી શિષ્યની વિમાસણનો જવાબ છે કે ગુરુને પ્રથમ પ્રણામ કરવા જેણે ગોવિંદ અર્થાત્ ભગવાનની ઓળખ આપી. ભગવાન કૃષ્ણ પણ ભાઈ બલરામ તથા મિત્ર સુદામા સાથે સાંદીપનિ ઋષિના આશ્રમમાં ભણતા. કૌરવો-પાંડવોને શિક્ષા આપનારા ગુરુ દ્રોણની અને તેમની મૂર્તિ રાખીને નિષ્ઠા તથા ચીવટપૂર્વક ધનુર્વિદ્યા શીખનારા એકલવ્યની વાતો પણ આપણા ઈતિહાસમાં છે. જૈન શાસનની સ્થાપના સાથે ભગવાન મહાવીરે દેશના આપીને ગૌતમસ્વામીને શાસનધુરા આપી. તેમણે સુધર્માસ્વામીને આપી. આમ ગુરુ અને જ્ઞાનનું મહત્ત્વ લગભગ તમામ ધર્મોમાં ઉચ્ચ સ્થાને છે.

શિક્ષકના નિઃસ્વાર્થ અને સમર્પિત વ્યવસાયને કળિયુગમાં લાંછન લાગતી ઘણી ઘટનાઓ બને છે. શિક્ષકનો વ્યવસાય હવે ધંધાદારી અને ધનલક્ષી બની ગયો છે. મા સરસ્વતીના ઉપાસકો હવે મા લક્ષ્મીના ગુણગાન ગાતા થઈ ગયા છે. સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જે સડો પેસ્યો છે તે માટે 'શિક્ષક દિન'ની ઉજવણી દરમિયાન સંવાદ કરવાની જરૂર છે. શિક્ષણની હાટડીઓ ખૂલી ગઈ છે. શાળાઓ અને ટ્યૂશનો તથા કોચિંગ ક્લાસીસોમાં શિક્ષક 'બિચારો' બનીને હડસેલાઈ ગયો છે. શિક્ષકોનું મહત્ત્વ ઘટતું જાય છે. ત્યારે 'શિક્ષક દિન'ની ઉજવણીરૂપે બાળકો-વાલીઓ આવીને શિક્ષકોને ઋણસ્વીકારરૂપે એક ફૂલ આપે અને ભાવપૂર્વક વંદન કરે તોપણ શિક્ષકના મનને શાતા વળશે. શિક્ષકોની સમાજને સહકાર અને સમર્પણની ભાવનાને સલામ. શિક્ષક દેશમાં, સમાજમાં એક ઉચ્ચ માનસિકતાનું ઘડતર કરે છે, એક સંસ્કારી પેઢીનો જતનપૂર્વક ઉછેર કરે છે. સમાજે માત્ર તેમને પૈસાના ત્રાજવે ન તોળતા તેમને સર્વોચ્ચ માનસન્માન અને આર્થિક સહાય મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સદ્નસીબે આજે પણ એવા શિક્ષકો છે જે માત્ર શિક્ષાને પોતાનો ધર્મ માને છે અને તેની આરાધના કરે છે.

આજે પણ એવી સામાજિક સંસ્થાઓ છે જે શિક્ષણનું મહત્ત્વ સમજે છે અને સમાજમાં તેનો વિકાસ થાય અને એક પ્રગતિવાદી સમાજનું ઘડતર થાય તે માટે પ્રયત્નશીલ રહે છે. ચાલો, આવનારી પાંચમી સપ્ટેમ્બરે આપણે આપણા, આપણાં બાળકોના શિક્ષકોને તથા સમાજમાં સુવાસ ફેલાવતા સર્વે શિક્ષકોને માનવંદના કરીએ. તસ્મૈ શ્રી ગુરુભ્યે નમઃ

# જે.જે.સી. – અંકલેશ્વર

આયોજીત

## જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત




પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

## આઠમો સમસ્ત જૈન અપરિણીત યુવક – યુવતી પરિચય મેળાના

## મુખ્ય દાતા : માતૃશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા તથા મોરબીયા પરિવાર, મુંબઈ

જય જિનેન્દ્ર,

જે.જે.સી., અંકલેશ્વર દ્વારા છેલ્લા સાત વર્ષથી જૈન અપરિણીતોના પરિચય મેળાનું સફળતા પૂર્વક સુંદર આયોજન કરી રહ્યુ છે અને આ કામ માટે સમાજને ખુબ સારો સહકાર મળ્યો છે. જેથી પ્રેરાઈને અમે આગામી આઠમો પરિચય મેળો તા. ૨૧-૧૦-૨૦૧૮ ના રવિવારના રોજ આયોજન કરેલ છે.

હાલના બદલાતા સમયમાં જૈન સમાજમાં દિકરા - દિકરીના સગપણની સમસ્યા ખુબજ વિકટ બનતી જાય છે. સમાજમાં એકબીજાના સંપર્કો ઘટી રહ્યા છે. જેથી આ આધુનિક યુગમાં જૈન સમાજમાં આ સમસ્યાના ઉકેલ માટે જે.જે.સી. અંકલેશ્વર દ્વારા પરિચય મેળાના માધ્યમ દ્વારા નમ્ર પ્રયાસ કરેલ છે.

આ યુવા મેળામાં સમાજના તમામ દિકરાઓના લગ્ન ઈચ્છુક અપરિણીત યુવક - યુવતીઓ, છુટા - છેડા તથા વિધવા - વિધૂર ભાગ લઈ શકશે. (વય મર્યાદા - ૪૦ વર્ષ ) યુવક ઉમેદવારની એન્ટ્રી ફી રૂા. ૧૦૦૦/- અને યુવતી ઉમેદવારની એન્ટ્રી ફી રૂા. ૫૦૦/-રાખેલ છે. આ એન્ટ્રી ફી માં ઉમેદવાર તથા એક વાલીનો સમાવેશ થાય છે. વધારાના વાલીનો ચાર્જીસ રૂા. ૩૦૦/- રાખેલ છે. વધારાના વાલીની બેઠક વ્યવસ્થા એ.સી.હોલ ની બહાર રાખેલ છે.

ઉમેદવાર તથા વાલીઓ માટે સવારના ચા-નાસ્તો બપોરનું ભોજન તેમજ ઉમેદવારના બાયોડેટા સાથેની પરચિય પુસ્તીકા અને કીટ આપવામાં આવશે.

### કાર્યક્રમ સ્થળ

એ.આઈ.એ. ઓડિટોરીયમ હોલ,
અંકલેશ્વર નોટીફાઈડ ઓફિસની પાછળ,
જી.આઈ.ડી.સી. ઓફિસ પાસે, વાલીયા રોડ, અંકલેશ્વર.

### યુવા મેળા તા. ૨૧-૧૦-૨૦૧૮

ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦-૦૯-૨૦૧૮
રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦૦/- (યુવક)
રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦/- (યુવતી)



### કાર્યક્રમ ની વિગત

રજીસ્ટ્રેશન : સવારે ૭.૩૦ કલાકે.
મેળો સવારે : સવારે ૮.૦૦ કલાકે.
નવકારસી : સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક સુધી
ભોજન : બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાક સુધી

### ફોર્મ મેળવવા તથા મોકલવાનું સ્થળ

જૈન જાગૃતિ સેન્ટર,
C/o. સુરેખા ફાઈનાન્સ, એફ-૧૫,
રોયલ કોમ્પલેક્ષ, વાલીયા ચોકડી, અંકલેશ્વર.
મો. ૯૪૨૭૧ ૫૭૯૫૧, ૯૮૨૫૫ ૩૩૮૨૨

### ઓનલાઈન ફોર્મ મેળવવા માટે

jainjagruti.com
Whatsapp થી મેળવવા.
મો. ૯૪૨૭૧ ૫૭૯૫૧, ૯૮૨૫૫ ૩૩૮૨૨
Email દ્વારા dd_ank@yahoo.com

### નિયમો

(૧) રજીસ્ટ્રેશન કાઉન્ટર પરથી કીટ મેળવવાની રહેશે.
(૨) તારીખ અથવા સમયમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સતા આયોજકની રહેશે.
(૩) કોઈપણ સંજોગોમાં ફી ના રૂપિયા પરત મળશે નહી.
(૪) નાના બાળકોને હોલમાં એન્ટ્રી નથી.
(૫) એન્ટ્રી ફી વગર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
(૬) નવકારસી તથા ભોજન સમય મર્યાદા પછી સંદતર બંધ કરવામાં આવશે.
(૭) ફોર્મ મળ્યા પછી ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર ફોર્મ મળ્યાની એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવશે.
(૮) ચેક અથવા ડીડી " **જે.જે.સી., અંકલેશ્વર** " ના નામનો, અંકલેશ્વર પેયબલ નો બનાવવો.

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

# જે.જે.સી. – અંકલેશ્વર

આયોજીત

## જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત



## આઠમો સમસ્ત જૈન અપરિણીત યુવક – યુવતી પરિચય મેળાના

**મુખ્ય દાતા : માતૃશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા તથા મોરબીયા પરિવાર, મુંબઈ**

**મેળાની તારીખ ૨૧-૧૦-૨૦૧૮, રવિવાર, ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦-૦૯-૨૦૧૮, રવિવાર**
**વહેલા તે પહેલાના ધોરણે ફાર્મ સ્વીકારવામાં આવશે.**

ફોર્મ નં. : ________ યુવક ____ યુવતી ____

ઉમેદવારનો ફોટો ચોટાડવો પાસપોર્ટ સાઇઝ
નોંધ : ફોટા પર સ્ટેપલર લગાડવું નહીં.

ઉમેદવારનું પુરૂ નામ : ____________________

પિતાનું નામ : ____________________

સરનામું : ____________________

ગામ ________ તાલુકો ________ જીલ્લો ________ પીન કોડ ________

વાલી મોબાઇલ નં. : ________ Whatsapp નંબરઃ ________

ઉમેદવાર મોબાઇલ નં. : ________ ઇ-મેઇલ : ________

જન્મ તારીખ : ________ ઉંમર :- ____ ઉંચાઇ :- ફુટ - ઇંચ વજન :- ____

અભ્યાસ :- ________ વ્યવસાય :- ________

નાકરી :- ________ માસિક આવક :- ________

ચશ્મા :- હા / ના મંગળ :- હા / ના શનિ :- હા / ના શારીરિક ખોડ ખાપણ :- ________

મુળવતન : ________ મોસાળ : ________ જન્માક્ષરમાં માનો છો. :- હા / ના

જ્ઞાતી : સ્થાનકવાસી ☐ દેરાવાસી ☐ તેરાપંથી ☐ દિગંબર ☐ પેટા જ્ઞાતી : ________

વૈવાહીક સ્થિતી : અપરિણીત ☐ વિધવા ☐ વિધુર ☐ છુટાછેડા ☐

| કુટુંબના સભ્યો | ભાઇ | બહેન |
|---|---|---|
| પરિણીત | કેટલા ? ☐ | કેટલી ? ☐ |
| અપરિણીત | કેટલા ? ☐ | કેટલી ? ☐ |

જો છુટાછેડા, વિધવા, વિધુર હોયતો સંતાનની માહિતી આપવી જરૂરી છે.

વાલીની સહી ________ ઉમેદવારની સહી ________

**: ભરેલુ ફોર્મ પરત મોકલવાનું સ્થળ :**

**જૈન જાગૃતિ સેન્ટર, C/o.સુરેખા ફાઇનાન્સ, એફ-૧૫, રોયલ કોમ્પલેક્ષ, રવિરાજ એપાર્ટમેન્ટની સામે, વાલીયા ચોકડી, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર. મો. ૯૪૨૭૧ ૫૭૯૫૧, ૯૮૨૫૫ ૩૩૮૨૨**

# तिलक-रक्षा कवच

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

शुभ प्रसंग पर हिन्दू परिवारों में कंकु से तिलक करने की महत्वपूर्ण प्रथा है। शुभ कार्य की शरूआत कुमकुम के तिलक से ही की जाती है। कंकु का रंग लाल होता है। जैन धर्म में नवकार मन्त्र के पाँच पदों का महत्व है, और पाँच रंगो का भी। मुख्य पद सिद्धों का और सिद्धों का रंग लाल बताया है। प्रत्येक आत्मा आगे-पीछे सिद्धलोक में स्थिर होनेवाला है, और यह सिद्धलोक उपर है। इसलिए तिलक लाल रंग से, मस्तिष्क के मध्य भाग में, कपाल पर किया जाता है।

पुराने जमाने की बात है, एक गाँव में एक छोटा परिवार रहता था, पति-पत्नी, उनके कोई सन्तान नहीं थी। दोनों ने लोगों के कहने पर, किसी देवता की मन्नत करी, और उनके यहाँ पुण्योदय से पुत्र की प्राप्ति हुई। आगे चल कर इस पुण्यशाली भाई की एक बहन ने, उस परिवार में जन्म लिया। दोनों भाई बहन बडे हो रहे थे। कालान्तर में दोनों पति-पत्नी की मृत्यु हो गयी। दोनों भाई-बहन की शादी हो गयी। बहन ससुराल चली गयी। अब भाई कभी-कभी बहन को बुलाने जाता। बहन भाई के घर आती। बहन और भाई का रिश्ता आदर्श, निष्काम, निर्दोष एवं पवित्र था। दोनों में बहुत प्रेम था।

एक बार भाईदूज के दिन बहन ने समाचार भेजे, भाई को बुला लिया। उस समय वहां कोई वाहन की व्यवस्था नहीं थी। भाई पैदल चला, अपनी बहन से मिलने। यह भाई बहन के लिये सज्जन, आदर्श और सुखदाई था। भाई-बहन का यह रिश्ता दुनिया के सारे रिश्ते से उपर था। मन में खुशी, आँखो में पानी, बहन को मिलने की उत्कृष्ट भावना से, भाई चला जा रहा था। रास्ते में उसे एक आकृति मिली, और उस भाई का रास्ता रोककर कहने लगी, अरे बहन के प्यारे भाई, जरा मेरी बात सुन ले! तेरे माता-पिता के कोई सन्तान नहीं थी, तब उन्होंने यहाँ आकर मन्नत मांगी थी, और मेरे आशीर्वाद से तेरा जन्म हुआ, माता-पिता जल्दी चल बसे। उन्होंने मेरी मन्नत पूरी नहीं की, आज में तुझे छोडूँगा नहीं। में तेरा भक्षण कर लूँगा।

भाई कहने लगा - तुझे मेरा भक्षण करना है, कोई बात नहीं, किन्तु मुझे थोडा समय दे दे, आज भाईदूज है, में अपनी प्यारी लाडली बहन के यहाँ जा रहा हूँ। बस वह मुझे तिलक कर दे, मैं तुरन्त वापस लौट कर यहाँ आ जाऊँगा, और तब तू मेरा भक्षण कर लेना। उस यक्ष ने भाई की बातों पर भरोसा कर उसे बहन के यहाँ जाने दिया, वह आगे बढ रहा है। मन में बहन से मिलने की उत्कृष्ट भावना, उसे कोई रोक नहीं सकता। परन्तु यह संसार है, यहाँ सबकुछ हो सकता है कर्म सत्ता से और कर्म सत्ता महान है। आगे चलने पर जंगल के रास्ते मे उसे शेर मिलता है - शेर तीन दिन से भूखा था, भाई को खाने के लिये शेर झपटता है, तब वह हाथ जोडकर कहता है - है जंगल के राजा मुझे अभी जाने दो, आज भाई दूज है, और नदी के उसपार प्यारी बहन मेरा इन्तजार कर रही है। बस में भाई दूज का तिलक बहन से लगवा लूँ, और तुरन्त वापस लौट जाऊँगा, फिर भले ही तुम मुझे खा लेना, बस मुझे थोडा वक्त दे दो। भाई की बात सुनकर शेर मान जाता है, और उसे जाने देता है।

आगे चलने पर उसे रस्ते में, एक और आकृति दिखाई दी। बस वहाँ भी देव प्रगट हुआ और कहने लगा में तेरा संहार करूँगा। भाई फिर से अनुनय विनय करता है, प्रार्थना करता है, और कहता है - में अपनी बहन से तिलक लगवा कर शीघ्र ही वापस लौटुंगा, तुम मेरा इन्तजार करो, आने पर आपको मेरा जो भी करना हो कर लेना, लेकिन मुझे सिर्फ भाई दूज के लिये बहन से तिलक लगवाकर आ जाने दो। अब भाई जैसे तैसे उदास मन से, मुसीबतों से बचाता हुआ, बहन के घर पहुँचता है।

बहन जब भाई को देखती है, उसकी प्रसन्नता का पर नहीं रहता है, अति आनन्दित बहन भाई की आरती उतारती है। एक औरत को राह चलते अगर, उसे पीहर के रुखडे दिखे तो भी वह अति प्रसन्न होती है, यहाँ तो उसके पीहर से चलकर, साक्षात् भाई आया है, उसकी खुशी का

कोई भी अन्दाजा नहीं लगा लगा सकता। बहन भाई को पानी पिलाती है, बैठने के लिये आसन देती है, और हाथ पाँव धोने के लिये गरम पानी लाती है। लेकिन भाई बोलता है - मै आखरी बार तुझसे मिलने भाईदूज के दिन आ गया हूँ, रास्ते में आते समज मै तीन जगह पर वचन देकर आया हूँ। और वे मेरा भक्षण करने के लिये, तैयार बैठे है। अब मेरा और तेरा आज का यह आखिरी मिलन है। भाई की आँख के आँसू बहन देख नहीं सकती थी, बहन भाई को चुप कराती, दोनों एक दुसरे के गले मिलते है, उस समय आँसुओं की धारा जमीन पर गीर रही थी, और भाई बहन के प्यार को देख कर, उनके आँसुओं को गिरने से मानो प्रकृति भी करुणामय बन गयी थी।

बहन भाई से कहती है - भैया खाना तैयार है, तुझे खाना खाकर ही जाना होगा। भाई मना करता है, मैं वचन देकर आया हूँ, तुझसे मिलकर मुझे ऐसा लग रहा है, कि में स्वर्ग में आ गया हूँ। बहन के प्यार के सामने स्वर्ग भी छोटा लगता है। ज्ञानी कहते है - पुत्र पिता के लिये स्वर्ग तक की सीडी बनाता है, अर्थात अपने परिवार को पुत्र स्वर्ग तक ले जाता है, किन्तु बेटी अपने पिता और पति के परिवार के लिये स्वर्ग को इस धरती पर ले आती है।

बहन कंकु चांवल की थाली लाती है, और भाई को तिलक लगा रही है, ककु चांवल के साथ बहन के उत्कृष्ट भाव उसमे जुडते है। बहन का यह तिलक भाई को रक्षा, सुरक्षा और सम्बल प्रदान करता है, बस तिलक करते-करते पुनः बहन की आँख से गर्म आँसु की दो बूंदे भाई पर गिर जाती है। उस बहन के भावों में समुद्र रुपी, तूफान उमड रहा है, और बहन के हाथ से किया हुआ तिलक भाई के लिये रक्षा कवच बन जाता है। जिसके ललाट पर रक्षा कवच हो, भला उसका संसार में कोई कुछ भी क्या बिगाड सकता है? अब बहन उसे गुड खिलाकर मीठा मुँह करवाती है, भाई निखालस भाव से बहन को हाथ जोडकर विनंती करता है, मुझे जाने की आज्ञा दो। में वचन से बंधा हुआ, अपने कर्तव्यों का पालन कर रहा हूँ।

प्रकृति भी भाई-बहन के इस प्यार को देखकर, हवा के द्वारा प्रसन्नता बिखेर रही थी। भाई बहन का मिलन अब धीरे-धीरे जुदाई में बदल रहा था, अश्रु भीनी आँखो से बहन ने भाई को विदाई दी, और ओटले के सहारे खडी होकर, भाई जब तक दृष्टि से औझल नहीं होता है, तब तक वह टक-टकी लगाकर देख रही है। पुनः वातावरण में सन्नटा छा जाता है, अब बहन के हृदय में भाई के प्रति जो भाव है, वे भाई के लिये रक्षा कवच बन जाते है।

भाई बहन के इस प्यार के कवियों, लेखकों, और ज्ञानियों ने जो नाम दिये वो सारे कम पड गये, किन्तु बहन के तिलक के प्रभाव से भाई को पुनः शेर व दोनों आकृतियों ने नत मस्तक होकर छोड दिया। यह बहन के तिलक का प्रभाव था, जो भाई के लिये रक्षा कवच बन चूका था। हमें बहन और भाई के प्रेम को समझना है। बहनों के प्रति उत्कृष्ट भाव लाकर, पारिवारिक धर्म का पालन करना है, कर्तव्यों के प्रति सजग बन कर, अपूर्व लाभ को प्राप्त करना है।

**जैन बनो!**

यातो जैन सिद्धान्तों का मान कीजिये,
महावीर के उपदेशों पर ध्यान दीजियें।
जय जिनेन्द्र का सन्मान कीजिये,
वर्ना जैनी कहलाना छोड दीजिये।।
गुटका, जर्दा, तम्बाकू से दुर रहिये,
बीडी और सिगरेट मत पीजिये।
इन कु-व्यसनों को आप छोड दिजिये।।
आपस के झगडों से दुर रहिये,
कपट कु-चाले भरना छोड दीजिये।
समभाव प्रेम एक दूजे में पैदा कीजिये,
वर्ना जैनी कहलाना छोड दीजिये।।

स्वार्थ!

सब कोई सुख के साथी है, दुःख के कोई नहीं,
सब महफिल में मिलते है, आफत में कोई नहीं।
स्वार्थ सधता है, सब अपने है,
स्वार्थ खतम, अपना पन भी खतम।।
गुलाब काँटो से घिरकर भी, निराश नहीं होता।
कमल कीचड़ में रहकर भी, सुवास नही खोता।।

# ''અનામત'' અને ''આપણે''!!!

■ ભાવેશ કે. શાહ (જે.જે.સી. જેમ જગડુશા, ઘાટકોપર)

બિમાર પડો, તો સારામાં સારાં ડોક્ટર જોઈએ છે! બ્રીજ-મકાન બનાવવા સારાં એન્જીનીયર જોઈએ છે! વહીવટ કરવા માટે સારાં-કાબેલ અધિકારીઓ-નેતાઓ જોઈએ છે! પણ, લાયકાત વગરના લોકોને અનામતના ઓઠાં હેઠળ આ બધી જગ્યાએ મુકવામાં આવે તો શું થાય??? હાલમાં, લાયક અને કાબેલ યુવાધન દેશ છોડીને વિદેશમાં સ્થાયી થઈ રહ્યા છે! દુનીયાના કોઈ જ વિકસીત દેશમાં અનામત નું 'તુત'નથી જ! આપણે અમેરિકા, જાપાન, જર્મની, ફ્રાંસ જેવા બનવુ છે, કે સોમાલીયા, બાંગ્લાદેશ, પાકિસ્તાન જેવા??? આઝાદી પછી ફક્ત ૧૦ વર્ષ માટે જ અનામત પ્રથા લાગુ કરવામાં આવી હતી, પરંતુ સત્તાલોલુપ રાજકારણીઓએ તેમાં વધારો કરીને આ દૂષણ વકરાવી નાખ્યુ છે! જો અનામતનિતિ સફળ થઈ હોય, સફળતા મળીજ ગઈ હોય, તો તેને લંબાવવાની કે વધારવાની જરૂર જ શી પડી??? અને જો નિષ્ફળ, હા, નિષ્ફળ જ ગઈ છે તો તેને ચાલુ શા માટે રાખવી???

શું પારસી, સીંધી, જૈનો વગેરેએ ક્યારેય અનામત લીધી છે?? છતાંય આ બધી પુરુષાર્થી કોમો સમૃદ્ધ છે! દરેક રાજકીય પક્ષો જાતીવાદનુ ઝેર ફેલાવવા માટે, સત્તા હાંસલ કરવા માટે જ જાતી આધારીત અનામતની આગ ભડકાવે છે! જો સાચ્ચે જ ગરીબોનુ હિત ઈચ્છતા હોય, તો ફક્ત આર્થિક આધાર પર જ અનામતની તરફેણ કેમ કરતા નથી??? તેઓ ફક્ત વોટબેંકની રાજનીતી કરે છે, પણ આપણે સૌ ચુપચાપ તમાશો જ જોયા કરશુ? તો આ દેશ અને આપણે પણ બર્બાદ થઈ જશુ, કારણ કે કાબેલ લોકો તો દેશ છોડી વિદેશમાં સ્થાયી થઈ રહ્યા છે!!! અનામત એ કોઈ મુળભુત અધિકાર નથી, તે ફક્ત ગરીબોના ઊત્કર્ષ માટે સવર્ણોની ઊદારતા અને માનવતાનો વિષય છે, છતાંય, તેના માટે સતત આંદોલનો ચાલે તે કેવુ???

આર્થિક આધાર પર જો અનામત આપવામાં આવે, તો ખરાં અર્થમાં ગરીબોનો ઊત્કર્ષ થાય, પછી તે ભલે ગમે તે જાતીનો હોય! અને તેઓને ફક્ત સ્કુલ ફી, આર્થિક મદદરૂપે જ અનામત આપો, એ જો લાયકાત કેળવે તો જ તેમને સરકારી નોકરીઓ-પદો આપો, કારણકે સુવહિવટ અને સુશાસન એ દરેક નાગરિકનો મુળભુત અધિકાર છે! આ બધુ થવા છતાં, દિવસે-દિવસે વહીવટીય ક્ષમતા, શિક્ષણ, આરોગ્ય વગેરે કથળતા જવા છતાંય મુંગા રહેનાર આપણે, પણ આપણી મૂકસંમતિ જાહેર નથી કરતા??? યાદ રાખજો, આજુબાજુનો માહોલ રહેવા યોગ્ય નહી રહે તો આપણે પણ અસ્તિત્વ ટકાવી નહી જ શકીએ!!!

**સમજને વાલો કો ઈશારા કાફી હૈ, પર**
**સોનેવાલો કે લીયે કુછ ભી બાકી નહી હૈ!!!**

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

# અનુશાસન... શ્રેષ્ઠની ફળશ્રુતિ!

■ રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

શાસન એ જ સફળ કહેવાય, જ્યાં અનુશાસન હોય.' જિન શાસન એ જ કહેવાય, જ્યાં અનુશાસન હોય. પ્રથમ તીર્થંકર ઋષભદેવ પરમાત્મા હોય કે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર... દરેકનું શાસન અનુશાસનથી જ ચાલતું આવ્યું છે. જિન શાસન ક્યારેય અનુશાસન વિના ચાલે જ નહીં.

અનુશાસન એટલે શું? અનુશાસન એટલે જે વ્યક્તિ જાગૃત હોય એમની નિશ્રામાં રહીને સ્વયંની જાગૃતતા પ્રગટાવવી!! જો મારી આંતરિક જાગૃતતા હોય કે કેવી સ્થિતિમાં મારે શું કરવું અને કઇ પરિસ્થિતિમાં મારા માટે શું યોગ્ય છે તો એ મારા માટે મારું અનુશાસન કહેવાય, પણ જો મારામાં એ જાગૃતતા કે એ પ્રકારની સૂઝબૂજ ન હોય કે ક્યારે અને કેવી સ્થિતિમાં મારે શું કરવું જોઈએ તો મારે કોઈ પણ સત્પુરુષ, સદ્ગુરુ, પરમાત્મા કે સંતની નિશ્રામાં એમની આજ્ઞાનુસાર મારું જીવન ગોઠવવું જોઈએ. એ સત્વ્યક્તિને મારી અનુશાસક બનાવવી જોઈએ.

જિન શાસન અને અનુશાસનમાં ફરક શું હોય? જિન શાસન ત્રિકાળવર્તી હોય, ત્રણે કાળ માટે હોય, જિન શાસન સર્વવર્તી હોય, સર્વ માટે હોય, જ્યારે અનુશાસન વર્તમાનને અસર કરે, વર્તમાન માટે હોય. અનુશાસન વ્યક્તિગત હોય. જિન શાસન સર્વને પ્રેરણા આપે કે કેવી રીતે આત્માનું કલ્યાણ કરાય. કેવી રીતે આત્માની શુદ્ધિ કરાય અને કેવી રીતે સિદ્ધિ સુધી પહોંચાય. અનુશાસનમાં દરેક વ્યક્તિને એની યોગ્યતા અને પાત્રતા અનુસાર પ્રેરણા કરાય.

જિન શાસનમાં તીર્થંકર પરમાત્મા ઉપદેશ આપે જે સર્વોપરી હોય, સર્વને માટે હોય અને સર્વને લાગુ પડતો હોય. જ્યારે અનુશાસનમાં ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય આદેશ આપે અને એ એક માટે હોય. આદેશની અનુપાલનાને અનુશાસન કહેવાય. એક હોય મલ્ટિ વિટામિન અને એક હોય મેડિસિન. મલ્ટિ વિટામિન કૉમન હોય, કોઈને પણ, ક્યારેય આપી શકાય. જ્યારે મેડિસિન વ્યક્તિગત, વ્યક્તિના રોગ અને તાસીર અનુસાર જ અપાય.

જિન શાસન મલ્ટિ વિટામિન જેવું હોય, જ્યારે અનુશાસન મેડિસિન જેવું હોય. જિન શાસનમાં તીર્થંકર પરમાત્મા સર્વને ઉપકારી એવો ઉપદેશ આપે. એ ક્યારેય એમ ન કહે કે તારે માટે આ યોગ્ય છે અને તારે આ કરવું જોઈએ. તેઓ હંમેશાં જનસામાન્ય જ વાત કહે કે, આ કરવાયોગ્ય છે અને આ કરવું જોઈએ. જ્યારે અનુશાસક એવા ગુરુ કે આચાર્ય વ્યક્તિગત એનાં રસ અને રુચિ પ્રમાણે આદેશ આપે, તે વ્યક્તિગત ઉપકારી હોય.

ભગવાન કહે છે, દુનિયામાં દસ પ્રકારની રુચિવાળા જીવો હોય છે. કોઈને પ્રવચન ગમે તો કોઈને સ્વાધ્યાય, કોઈને જપ ગમે તો કોઈને તપ, કોઈને ભક્તિ ગમે તો કોઈને ગીત-સંગીત!!

યથા રુચિ તથા પ્રવૃત્તિ હોય. જેની જેમાં રુચિ વધારે હોય, તે તેમાં ઍક્ટિવ વધારે હોય. કેટલાકને તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં રસ હોય તો કેટલાકને તત્ત્વજ્ઞાનની વાતો સાંભળતાં જ ઊંઘ આવવા લાગે. કેટલાકને લેખનકાર્ય ગમે તો કેટલાકને વાંચન!

રુચિ અનુસાર વ્યક્તિની ગતિ હોય. તીર્થંકર પરમાત્મા મહાવીર જે ઉપદેશ આપે તે દસ રુચિ પ્રમાણે આપે, જ્યારે ગુરુ કે આચાર્ય જે આદેશ આપે તે તમારી રુચિ જોઈને આપે, જેથી તમે તે દિશામાં વધુ પ્રગતિ કરી શકો. જે વ્યક્તિ તમારી રુચિને જાણતા હોય અને તમારી રુચિ પ્રમાણે પ્રકૃતિને ખીલવતા હોય તે જ તમારા ગુરુ કે આચાર્ય હોય, તે જ તમારા અનુશાસક હોય.

જિન શાસનનું પાલન સહેલું અને સહજ હોય છે. અનુશાસનનું પાલન આકરું અને અઘરું હોય છે.

જિન શાસનમાં વ્યક્તિગત તમને કાંઈ કહેવાના નથી, ક્યાંય અટકાવવાના નથી, જ્યારે અનુશાસનમાં ગુરુ કે આચાર્ય તમને આકરી આજ્ઞા પણ આપે છે અને ખોટા માર્ગે જતાં પણ અટકાવે છે. જિન શાસન તમને આંગળી ચીંધે છે, તમને રાહ બતાવે છે. જ્યારે અનુશાસન તમારી આંગળી પકડે છે અને તમને એ

રાહ પર લઈ જાય છે. જ્યારે આચાર્ય કે ગુરુના અનુશાસનમાં રહેનારી વ્યક્તિમાં સુધારો અને પરિવર્તન બંને નિશ્ચિત આવે જ!

માટે જ, ભગવાને કહ્યું છે, 'ગુરુ બન્યા વગર અનંતા જીવો મોક્ષમાં ગયા છે, પણ ગુરુ બનાવ્યા વિના એક પણ જીવ મોક્ષમાં જઈ ન શકે.'

આંતરિક પરિવર્તન અરિહંતથી નહીં, આચાર્યથી આવે. અનુશાસન વિના જિન શાસન મળે ખરું, પણ ફળે નહીં. અનુશાસન વિના એટલે કે પોતાની ઈચ્છાથી આરાધના કરવી એનો મતલબ આરાધનારૂપી ખીરના તપેલામાં ઈચ્છારૂપી ઝેરનું ટીપું નાખવું. ઈચ્છાથી કરેલી આરાધનામાં કર્તૃત્વભાવ આવે છે જે અંતે આરાધકને વિરાધક બનાવે છે.

વિરાધક બનવું એટલે જિન શાસનથી દૂર થવું. જે વિરાધક બને છે તેને ભવિષ્યમાં જિન શાસન મળતું નથી.

ભગવાને ક્યારેય કહ્યું નથી કે સામાયિક મારો ધર્મ છે, પ્રતિક્રમણ મારો ધર્મ છે કે ઉપવાસ અને અહિંસા મારા ધર્મ છે. ભગવાન જાણતા હતા કે આજ્ઞા વિનાની આરાધના વ્યક્તિની ઈચ્છા અને અહમ્‌ને પોષનારા બનશે એટલે જ ભગવાને જિન શાસનનું મહત્ત્વ વધારવા કહ્યું કે, 'આજ્ઞા એ મારો ધર્મ છે.'

એટલે વ્યક્તિનો ભાવ એ હોવો જોઈએ કે, ગુરુદેવ! આપની આજ્ઞા હોય તો મારે ઉપવાસ કરવા છે. આજ્ઞા પછી કરેલા ઉપવાસમાં આજ્ઞાપાલનનું કર્તવ્ય હશે, ઈચ્છાનો કર્તૃત્વભાવ નહીં હોય.

પ્રતિક્રમણની શરૂઆતમાં પણ 'ઈચ્છામિણં ભંતે...' દ્વારા ભગવાને એ જ બતાવ્યું કે, જો તમારી આજ્ઞા હોય તો મારે પ્રતિક્રમણ કરવું છે. પ્રતિક્રમણ આત્માને શુદ્ધ કરવાની પ્રોસેસ હોવા છતાં તેમાં પણ આજ્ઞાનું મહત્ત્વ બતાવ્યું છે. માનવમનની માનસિકતા હોય છે, સંસારમાં તો દરેક વાતમાં... દરેક કાર્યમાં એમ કહેતો હોય છે કે આ મેં કર્યું, મેં આમ કર્યું... અને એ જ માનસિકતા સાથે ધર્મક્ષેત્રમાં પણ આવે છે અને એમ કહે છે, મેં ઉપવાસ કર્યો, મેં પ્રતિક્રમણ કર્યું. માટે જ ધર્મમાં અનુશાસનનું મહત્ત્વ દર્શાવ્યું છે.

અનુશાસન વિનાની આરાધનાથી ગુણમાંથી અવગુણ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ કરવું એ ગુણ છે, પણ પ્રતિક્રમણ કર્યા પછી 'મેં કર્યું' એ કર્તૃત્વભાવ અવગુણ છે. અનુશાસનવાળી વ્યક્તિ એમ કહેશે મારા ઉપવાસ કરવાના ભાવમાં ગુરુદેવની આજ્ઞા ભળી એટલે મારાથી ઉપવાસ થઈ ગયો. 'મેં કર્યો' અને 'મારાથી થઈ ગયો' બંનેની ભાવઅભિવ્યક્તિમાં ફરક છે. તપસ્વીને તપનું અભિમાન ન આવે, દાનેશ્વરીને દાન આપ્યાનો અહમ્‌ ન આવે, સ્વાધ્યાયીએ સ્વાધ્યાય કર્યાનો કર્તૃત્વભાવ ન આવે તે માટે જ અનુશાસનનું મહત્ત્વ વિશેષ છે.

ગુરુ જાણતા જ હોય છે કે શિષ્યની રુચિ અને પ્રવૃત્તિ શેમાં છે અને એના કારણે એનો કેટલો રાગ પોષાય છે. જેટલો રાગ પોષાશે એટલાં પાપકર્મ બંધાશે. એટલે ગુરુ એના માટે જે પ્રકારનો ધર્મ અને જે પ્રકારની આરાધના યોગ્ય હશે તેવી જ તેને આજ્ઞા આપશે અને એ આજ્ઞા તેના માટે ઔષધીરૂપ બની જશે.

અનુશાસન આકરું હોય, કડવું હોય, અણગમતું હોય અને પ્રતિકૂળ પણ હોય, છતાં વ્યક્તિ માટે અનુશાસક પૂજનીય હોય, કેમ કે, તે તેના માટે હિતકારી હોય, શ્રેયકારી હોય અને કલ્યાણકારી હોય. ગમતી આજ્ઞા આપે એવા અનુશાસક, એવા ગુરુ સારા કે, જેમના સ્નેહથી આજ્ઞા ગમતી થઈ જાય એવા અનુશાસક સારા!! જ્યાં આપણે આજ્ઞાને ગમતી કરીએ છીએ, ત્યાં તરત મોક્ષ હોય છે. જ્યાં ગમતી આજ્ઞાની ઈચ્છા રાખીએ છીએ ત્યાં હજુ સંસાર હોય છે.

અનુશાસન વિના જિન શાસન ફળતું નથી, કેમ કે, અનુશાસન ઈચ્છાનું મૃત્યુ કરાવે છે. ધર્મની શરૂઆત પણ 'નમો' શબ્દથી જ થાય છે, જે સૂચવે છે કે જિન શાસનમાં પ્રવેશવાની પ્રથમ શરત એ જ છે કે તમે તમારી અંદરની ઈચ્છા અને અહમ્‌ને શૂન્ય કરી નમ્ર બનો, નમતા શીખો.

જિન શાસન તો અનંતભવોમાં મળે, પણ જિન શાસન મળ્યા પછી અનુશાસન મળે તો જિન શાસન ફળે અને ત્રીજા, પાંચમા, આઠમા કે મોડામાં મોડું પંદરમા ભવે મોક્ષ થઈ જાય, કેમ કે, જે અનુશાસનમાં... આજ્ઞામાં રહે છે તેનાં અનંતાઅનંતા મોહનીય કર્મોનો ક્ષય થઈ જાય છે. ગુરુ એવી આજ્ઞા આપે કે કર્મના ઉદયે કદાચ વ્યક્તિ પાપમાં જોડાઈ જાય તોપણ તે પાપી ન બની શકે અને તરત જ ગુરુઆજ્ઞા યાદ આવતા જ પાછા રિર્ટન થઈ જાય.

## BIODATA



**Name** : **SHAH SMIT**
**Birthday** 25/01/1993 / Monday / Time-7 am Place : Mehsana
**Height** : 6'-2'' Cast-Zalawad Jain Dasa shreemali
**Education** : B.E (Electronics & Commutations-LDRP-Gandhinagar)-Master in Commuter (NYIT-USA)
**Work** : Samsung Electronic–California-USASoftware engineer
**Father Name** : **SHAH JITENDRAKUMAR BALCHAND JETHALAL (B.com)**
**Native** : Dadhana (At Present-MEHSANA)

**Fathers Resident Address**
''JINPARAS'' 11/B, Harinagar Society, Highway MEHSANA-2

**Smit Resident Address**
3939, Bidwell dr., apt 525 Fremont, CA-94538 USA

**Business Address (Partnership)**
Nilkanth steel traders/Nilkanth Eeng.229, GIDC Phase-1 MEHSANA-384002

**Mother Name** : **SHAH PARUL JITENDRAKUMAR (B.A)**
**Mosal** : **SHAH HASMUKHLAL KESAVLAL LALLUBHAIAt**-Rampura-Bhakoda Ta-Viramgam
**Brother-1** : **Nisarg J. Shah**-B.Com/birth-1995/ unmarried Nilkanth poly Plast (Manufacturer Of PVC Pipe )383, Gidc Phase-2 Mehsana
**Sister-1** : **Archi J. Shah**-T.Y.Bcom(running)/ Birth-1999 /unmarried

Advt.

## BIODATA



**Name** : **Vaibhav Hasmukhrai Thakkar (Jain Sthanakwasi)**
**Res. Address** : 201, Magadh, Neelkanth Kingdom Complex, Nathani Road, Near Jolly Gymkhana, Ghatkopar, Mumbai-86.
**Cell./Email id** : 91-9892027120/022-25090284 vaibhavthakkar2004@gmail.com

**Date of Birth/ Time/Place :**
10th March, 1984/ 7:36 am/Ahmedabad
Height/Weight Complexion : 6 Ft / 72 Kgs/Fair/Handsome

**Religion/Gnati :** Sthanakwasi Jain/Jamnagar & Halar Vishashrimali Mumbai
Educational Qualifications : (1) MBA (Finance), from Prin. L. N. Welingkar Institute of Management & Research in June 2012. (2) B.E. (Information Technology) from Vivekanand Education Society's Institute of Technology in June 2006. (3) IIBA CCBA Certified Business Analyst, April 2015
**Employment** : Working as Senior Consultant at Wipro Technologies June2012
**Client** : Morgan Stanley, Mumbai
**Past Experience** : Earlier worked at Tata Consultancy Services Limited as Assistant Systems Engineer from March 2007 to Aug 2010.
**Hobbies :** Movies, Dancing, Playing Guitar, Listening Music, Calligraphy Photography, Sports: Table Tennis, Tennis,Cricket & Badminton
**Interests** : Social Activities, Exploring new things in all arenas
**Parents** : Late Shri Hasmukhrai Nandlal Thakkar, B.E (Civil). Smt. Varsha Hasmukhrai Thakkar, B.A
**Elder Brother** : Vishal H. Thakkar, B.E (I.T),MBA (Finance) with JP Morgan.
**Married to** : Dr. Dinky Talsania (Physiotherapist) (Ghatkopar W)
**Family History** : Grandfather Late Shri Nandlal Manilal Thakkar. **Grand mother** Smt. Champaben N. Thakkar. **Kaka:** Shri Jitendra N Thakkar, C.A, C.S, ICWA (Andheri-W). **Kaka:** Shri Pramod N. Thakkar (Matunga-E). Faiba: Smt. Reena Vipesh Sutaria (Ghatkopar-E).
**Mosal : Nana** Late Shri Maganlal Narshidas Vora, Ahmadabad. Mama: Shri Harshad M Vora, B.E (Civil), Ahmadabad. **Mama:** Dr.Subhash M Vora, Ahmadabad.
**Masi :** 1) Smt Hansaben Pranlal Parikh (Vile Parle) 2) Smt Sarojini Pranlal Bagadia (Ghatkopar – W) 3) Smt Ila Pankaj Kasudia (Chicago – US) 4) Smt Rakshaben Maheshkumar Parekh (Sion)
**Grand Paternal Uncle :** (1) Shri.Pritamlal M. Thakkar – Manchester, UK (2) Shri.Harkishan M. Thakkar – Ghatkopar (E) (Ex-President Jamnagar & Halar VishaShrimali Jain Gnati). (Ex-V.P Sthanakwasi Jain Sangh, Hingwala, Ghatkopar. (3) Shri.Lalit M. Thakkar – Ghatkopar (E). (V.P. Sthanakwasi Jain Sangh, Hingwala Lane,Ghatkopar) (4) Shri Jagdish M. Thakkar – Ghatkopar (E) (Ex-President Jamnagar & Halar VishaShrimali Jain Gnati)

Advt.

## જસ્ટ, એક મિનિટ...

એક ચિત્રકારે ગુરુ પાસેથી ચિત્રકળા શીખવાનું પૂરું કર્યા પછી પોતે શીખેલી વિદ્યા દાખવવા ત્રણ દિવસ મહેનત કરીને એક સુંદર ચિત્ર બનાવ્યું. પોતાની કુશળતાનો ખયાલ મેળવવા એ ચિત્ર વિશે લોકોનો અભિપ્રાય મેળવવાનું એણે નક્કી કર્યું અને લોકોની બહુ અવરજવર હતી એ રસ્તાના એક ખૂણે એ ચિત્રને મૂક્યું. સાથે એક બોર્ડ મૂકી એમાં લખ્યું :

'મેં આ ચિત્રનું સર્જન કર્યું છે. આ વ્યવસાયમાં હું સાવ નવોસવો છું એટલે પીંછીના લસરકા મારવામાં ભૂલો કરી હોય એવું બને. આથી આ ચિત્રમાં જ્યાં તમને ભૂલ દેખાય ત્યાં એક ચોકડી મારજો.'

ચિત્ર પાછું લેવા માટે સાંજે એ આવ્યો ત્યારે એણે જે જોયું એનાથી એ આઘાત પામી ગયો. આખા કૅન્વાસ પર ઠેકઠેકાણે લોકોએ ચોકડીઓ લગાવી હતી. એટલું જ નહીં, કેટલાકે તો ચિત્ર પર જ ટિપ્પણી સુદ્ધાં લખી હતી!

હતાશ ચિત્રકાર પોતાના ગુરુ પાસે પહોંચી ગયો. ડૂસકાં ભરતાં એ ગુરુને કહેવા લાગ્યોઃ

'શીખી શીખીને હું આવું જ ચિત્રકામ શીખ્યો ? હું સાવ નકામો છું. ચિત્રકાર થવાને લાયક જ નથી. લોકોએ મારા સર્જનનો સાવ અસ્વીકાર કર્યો. આવી જિંદગી કરતાં તો મરી જવું સારી.'

ગુરુ કહે : 'શાંત થઈ જા. હું સાબિત કરી બતાવીશ કે તું એક અચ્છો ચિત્રકાર છે. હું તને જેમ કહું એમ કરતો જા અને પછી જોજે પરિણામ...'

મને-કમને ચિત્રકારે બે દિવસમાં અગાઉ જેવું જ આબેહૂબ દૃશ્ય તૈયાર કર્યું. ગુરુ પાસે એ ચિત્ર લઈને આવ્યો . ગુરુ એ ચિત્ર જોઈને ખુશ થયા અને અગાઉ જ્યાં શિષ્યએ ચિત્ર મૂક્યું હતું ત્યાં જ આ નવું ચિત્ર મૂક્યું. સાથે એક બોર્ડમાં લખ્યું : 'સજ્જનો, હું એક નવો ચિત્રકાર છું. આ ચિત્ર દોરવામાં કદાચ ઘણી ભૂલ થઈ હશે. અહીં બ્રશ અને રંગ રાખ્યાં છે. ચિત્રમાં કોઈ ભૂલ દેખાય તો બ્રશ વડે એ સુધારી આપશો તો મને આનંદ થશે.'

ગુરુ-શિષ્ય સાંજે આવ્યા. કોઈએ ચિત્રમાં એક પણ સુધારો નહોતો કર્યો. બીજે દિવસે પણ એમ જ થયું. એક મહિના પછી પણ કોઈએ એકેય સુધારો ન સૂચવ્યો!

સારાંશ એ કે બીજાની ટીકા કરવી સહેલી છે, પણ સુધારણા કરવી મુશ્કેલ છે. ટીકાથી હતાશ થઈને પોતાનું મૂલ્ય ઓછું આંકવાની જરૂર નથી. તમે કેટલાં પાણીમાં છો એ તમે જ નક્કી કરો.

*મહામંત્ર પ્રભાવક પૂ. જગદીશમુનિ મ.સા.*

## મહાસાગરનાં મોતી

- પાંડિત્ય પુસ્તક વાંચવામાં છે, પુસ્તકસંગ્રહમાં નથી. શૌર્ય તલવાર વાપરવામાં છે, કેડે લટકાવવામાં નથી.

*- કાકા કાલેલકર*

- ઉપવાસ યંત્ર કે મશીનની જેમ નથી કરવામાં આવતો. આ એક શક્તિશાળી વસ્તુ છે. જો તેનો ઉપયોગ વગરસમજે કરવામાં આવે તો તે ખતરનાક છે. આની માટે સંપૂર્ણ આત્મશુદ્ધિ જોઈએ.

*- મહાત્મા ગાંધી*

- 'સંઘ શક્તિ કલિયુગે' - કલિયુગમાં સંઘ એ જ મોટી શક્તિ છે.

*- સંસ્કૃત સુભાષિત*

- એકતાના બળ પર ઉંદર પણ સિંહને ડરાવી શકે છે અને વિભાજિત શૂરવીર પણ કાયરોની સેનાથી પરાજિત થઈ જાય છે. *- રુસો*

- સંગઠનની વીણા ત્યારે વાગે છે જ્યારે તેના દરેક તારની વચ્ચે ઉચિત તાલમેલ હોય.

*- ગૌતમ બુદ્ધ*

- ચિત્તને એકાગ્ર કર્યા વગર ધ્યાન અને સમાધિ અશક્ય છે.

*-મનુસ્મૃતિ*

- જો આપણું ચિત્ત એકાગ્ર હશે તો સામર્થ્યની ખોટ નહિ પડે. સાઠ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ એક નવયુવક જેવો ઉત્સાહ અને સામર્થ્ય દેખાઈ જશે.

*-વિનોબા ભાવે*

- કોઈ પણ એક વિષય પર મનને એકાગ્ર કરવું એ ધ્યાન છે. કોઈ એક વિષય પર મનની એકાગ્રતા થઈ જવાથી તે એકાગ્રતા જે વિષય પર ઈચ્છો તેના પર કરી શકો છો.

*-સ્વામી વિવેકાનંદ*

- સફળ અને અસફળ વ્યક્તિઓ વચ્ચે કોઈ અંતર નથી હોતું. એક શારીરિક પરિશ્રમ કરે છે અને બીજો બુદ્ધિ અને ધ્યાન એકાગ્ર કરી કાર્ય કરે છે. *- સ્વેટ માર્ડન*

- મૂંઝવણભરેલો માનવી પણ જ્યારે પોતાનું મન એકાગ્ર કરીને સામે ઊભો રહી જાય છે ત્યારે વિપત્તિઓથી ગર્જના કરતો સમુદ્ર પણ શાંત થઈને બેસી જાય છે. *- તિરુવલ્લુવર*

- મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા જ પરમતપ છે. આનો જાપ બધા ધર્મથી મહાન છે *- શંકરાચાર્ય*

# પર્યુષણ : મનની આરાધના

'ઘટ કા પટ તૂ ખોલ રે મનવા,
પ્રભુ હૈ તેરે પાસ મેં;
વહ નહીં માટી, કાઠ કી મૂરત,
વહ તો હૈ વિશ્વાસ મેં.'

આત્માનું, આત્મામાં, આત્માથી ધ્યાન કરવું. આત્માની પાસે બેસવું તેનું નામ છે પર્યુષણ. આત્મા એ આપણી ભીતર સમાયેલી ચિન્મય શક્તિ છે.

આત્માનું લક્ષણ છે જ્ઞાન. જ્ઞાનની ઉપાસના આત્માની ઉપાસના છે. જ્ઞાનની સેવા આત્માની સેવા છે. જ્ઞાનનો પ્રચાર આત્માની પ્રભાવના છે.

આત્માનું લક્ષણ છે દર્શન. દર્શન અર્થાત્ શુદ્ધ વિશ્વાસ. પોતાની શુદ્ધતા અને પવિત્રતાનો વિશ્વાસ. આપણી ભીતર જ સંપૂર્ણ ઈશ્વરીય શક્તિ છે. તેનું પાન કરો, પછી વિશ્વાસ કરો.

આત્માનું લક્ષણ છે ચારિત્ર. સમસ્ત કષાયોથી, વિભાવોથી રિક્ત થઈ જવું તેનું નામ છે ચારિત્ર-ચરણ. ચરણ જ વ્યવહારમાં 'આચરણ' બની જાય છે.

આત્મા અને પરમાત્માની વચ્ચેની ભેદરેખા મિટાવી એકરૂપ થઈ જવું, આત્મભક્તિમાં લીન બની જવું.

પજ્જોસમણાનો અર્થ છે પર્યુપશમના-શાંતિ કરવી. મનમાં જે રાગ-દ્વેષ, વેર-ઝેર આદિની એક પ્રકારની ઉષ્ણતા છે તેને શાંત કરવી. જ્ઞાન અને તપની વર્ષા લઈને આવે છે પર્યુષણ. આ મનની આગને શાંત કરવાના ત્રણ ઉપાય ગૌતમસ્વામીએ બતાવ્યા છે. સુય-શીલ-તવો જલં – ત્રણ પ્રકારની જળ-વૃષ્ટિ આ આગને શાંત કરે છે.

શ્રુત-સુય અર્થાત્ જ્ઞાન. મનની આગ વિવેકજ્ઞાન વગર શાંત ન થઈ શકે. જ્ઞાન મનુષ્યની અંદરનો વિવેક છે, વિચાર છે, ચિંતન છે.

બીજો ઉપાય શીલ-સદાચાર. વ્યવહારમાં નમ્રતા, સજ્જનતા, સરળતા અને અનુકૂળતા હોવી. શીલવાનનો અર્થ માત્ર બ્રહ્મચર્ય નથી, પરંતુ સદાચારી બનવું તે છે.

ત્રીજો ઉપાય છે તપ – તેનાથી ઇંદ્રિયોનો નિગ્રહ, મનના વિકારોનું શમન થાય છે. ધ્યાન અને જપમાં મનને લીન કરવાથી કષાયોની અગ્નિ શાંત થાય છે માટે કષાયોની શાંતિ માટે શ્રુત, શીલ અને તપની આરાધના કરવી જોઈએ. મનને મધુર અને નમ્ર બનાવવું જોઈએ. ક્ષમા માગવી અને ક્ષમા આપવી જોઈએ. ક્ષમા માગવી સહેલી છે, પરંતુ ક્ષમા આપવા માટે મનની ઉદારતા, વિશાળતા જોઈએ.

શાંતિનો અર્થ કાયિક અને માનસિક બંને પ્રકારની હિંસાથી મનને, જીવનને દૂર રાખવાનો છે. મનમાં ખરાબ વિચારોનો પ્રવેશ, હિંસક ભાવનાઓ, બીજાના અહિતની યોજના બનાવવી પણ હિંસા છે. આ હિંસાથી બચાય તો જ શાંતિનો અનુભવ કરી શકાય.

પર્યુષણમાં ચોમેર ઉપદેશની ઝડી વરસાવવામાં આવે છે. શાસ્ત્રોનું વાંચન કરવામાં આવે છે, પરંતુ જ્યાં સુધી શ્રોતાના હૃદયમાં ઉપશમભાવ નથી, શાંતિ નથી ત્યાં સુધી કાનથી જે ધર્મનું શ્રવણ કરાય છે તે હૃદયમાં નહીં ઉતારી શકે.

જેનું હૃદય સરળ છે, કપટરહિત છે તેના હૃદયમાં જ ધર્મ જેવું પવિત્ર તત્ત્વ રહી શકે છે. પર્યુષણના આ પાવન દિવસોમાં મનની સરળતાનો અભ્યાસ કરીએ. મનને સીધું, સરળ, નિષ્કપટ બાળક જેવું સહજ બનાવીએ. આજકાલ બાળકનું મન પણ ક્યાં સરળ હોય છે? છળ-કપટ તેને માતાની જન્મઘૂંટીમાંથી જ મળી જાય છે. સીધો, સરળ માણસ બુધ્ધું તરીકે ઓળખાય છે. ચાલક-ધૂર્ત-કપટી માણસ ચતુર અને હોશિયાર કહેવાય છે, કેમ કે દેશકાળની પરિસ્થિતિએ જીવનશૈલી બદલી નાખી છે, પરંતુ માનવ આત્મિક સ્વભાવ નથી બદલી શકતો. મનને તો શાંતિ ત્યારે જ મળે, જ્યારે તે સરળ-કપટરહિત હોય અને ત્યારે જ હૃદયમાં ધર્મનો પ્રવેશ શક્ય છે.

બાકી, દર વર્ષની જેમ પર્યુષણ આવતાં રહેશે. વ્રત, ઉપવાસ, દાન, ધર્મ આદિ ક્રિયાઓ થતી રહેશે, પરંતુ સુખની પ્રાપ્તિ દુર્લભ જ રહેશે. એવું સુખ કે જેના પછી કોઈ દુઃખ સંભવી ન શકે. મોક્ષનાં સુખોની અહીં વાત છે, નહીં કે ભૌતિક સુખની.

પર્યુષણના આઠ દિવસોના આ પાવન પર્વે પોતાના મનનું, આત્માનું નિરીક્ષણ કરો. છેલ્લા સંવત્સરિના ચાર અવશ્યમેવ કરવાનાં કર્તવ્ય છે : ઉપવાસ, પ્રતિક્રમણ, આલોયણા, ક્ષમાપના. ઉપવાસથી તનની શુદ્ધિ, મનની શુદ્ધિ થાય છે. વિકારોની શાંતિ અને રસેન્દ્રિય પર સંયમ આવે છે. ત્યાર બાદ પ્રતિક્રમણ, આલોચના અને ક્ષમાપનાનું લક્ષ્ય છે. મનના વિકારોની શુદ્ધિ, વિચારોની શુદ્ધિ, ભાવોની પવિત્રતા, પાપોનું પ્રક્ષાલન. આનાથી મનની ગાંઠો ખૂલી જાય છે.

માનસિક ગ્રંથિઓને કારણે જ માનવ ભયંકર બિમારીઓથી ગ્રસ્ત થાય છે. અલ્સર, કૅન્સર, ભય, બી.પી. જેવી બીમારીઓ શારીરિક કરતાં માનસિક ગ્રંથિઓનું પરિણામ છે. તેનું નિવારણ મનોવૈજ્ઞાનિક ચિકિત્સા દ્વારા કરી શકાય છે. તેથી જ જૈન શાસ્ત્રો કહે છે કે તરત જ ક્ષમાયાચના કરી લો. મનનો ક્રોધ, ભાવોની ઉગ્રતા, વિચારો અને વાણીની કટુતાને તરત દૂર કરી દો.

મનને ઋજુ બનાવી આલોયણા, આત્મ-નિંદા, પશ્ચાત્તાપ કરી પોતાની શુદ્ધિ કરી લેવી જોઈએ. આ પર્યુષણના દિવસોમાં માયા, નિદાન અને મિથ્યા દર્શનરૂપ ત્રણ શલ્યોનો નાશ કરી, સુગતિ તરફ પ્રયાણ કરી જન્મ-મરણરૂપ અનંત સંસારની વૃદ્ધિથી બચીએ જેથી મોક્ષમાર્ગનાં અનંતા શાશ્વત સુખોને પામીએ.

*– જૈનપ્રકાશમાંથી*

## લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

### યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૬' Bcom છૂટાછેડા | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન ટાકરવાડા-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧ (મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૨) | મિનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦'' M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧ (મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૩) | વૈભવ એચ. ઠક્કર,૧૦-૩-૧૯૮૪, ૬'-૦'' BEIT, MBA, Finance | સ્થાનકવાસી જૈન જામનગર - ઘાટકોપર | (ઘર) ૨૫૦૯૦૨૮૪ (મો) ૯૮૯૨૦૨૭૧૨૦ |
| ૪) | વીરેન પ્રવીણચંદ્ર શાહ (દેઢીવાળા),૧૫-૬-૧૯૭૭, ૫'૬'' B.Com. PGDCA. MCSD સર્વિસ – સૉફ્ટવેર કન્સલટન્ટ | ઝાલાવાડી સ્થા. જૈન થાનગઢ – બોરીવલી | (ઘર) ૦૨૨૨૮૯૮૫૫૬૮ (મો) ૯૮૨૧૬૭૯૫૦૮ |

### યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫' BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના સાવરકુંડલા – ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩ (ઘર) - |
| ૨) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪'' બી.કૉમ. – (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭ (મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૩) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭'' M.Com, Business (નોંધ: લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ કઠોર (સુરત) – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨ (મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૪) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩'' B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ – મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪ (મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨' S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી સુરત – અંધેરી | (ઘર) -- (મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૬) | ધારા રાજેશ શાહ, ૨૯-૪-૮૬, ૫ -૬' IT Bachelor of Engg. સર્વિસ | જૈન દેરાવાસી મુંબઈ | (ઘર) ૯૮૩૩૮૮૦૫૫૦ (મો) ૯૭૬૯૧૧૨૩૭૨ |

## પ્રેમ વગર પ્રાર્થના અને ભક્તિ નકામા છે

પર્યુષણ પર્વમાં સાચી સાધના કોને કહેવાય? જે સાધના અને મમત્વ ઓછાં કરે, અહમ્ ઓગાળે, એકાગ્રતા વધારે, આકર્ષણ ઘટાડે, કાયાની માયા ઓછી કરે, ચંચળતા ઘટાડે તો જ સાધકનું હૃદય નિર્મળ બને. આજે કુટુંબમાં અશાંતિ, અજંપો અને શરીરમાં રોગ છે તેનું કારણ સાધક ધર્મનો મર્મ સમજ્યો નથી. જેને પ્રેમ સાધ્ય નથી તેને પ્રેમ વગર સાચો રાહ દેખાય નહીં. જ્યારે હૃદયમાં પ્રેમ હોય તો સમજણની સરવણી ફૂટયા વગર રહે નહીં. જ્યાં પ્રેમ છે ત્યાં વિચારોમાં વેદના, વિપત્તિ અને વિઘ્ન નડતાં નથી, પણ વરદાન લાગે છે. આ પર્વમાં એટલું જ સમજીએ કે ક્રોધ બાળે છે, લોભ ફસાવે છે, માયા લપટાવે છે અને માન ઉછાળે છે, તો ધર્મનો મર્મ સમજી કર્મ કરવું.

જેના હૃદયમાં પ્રેમ અને કરુણા હોય તે જીવનને નજરથી નહીં, દૃષ્ટિથી નહીં, પણ દર્શનથી જુએ છે તેમાં શંકા નથી. જગતના તમામ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને અનુકંપા હોવી જોઈએ. પ્રભુનું સાંનિધ્ય પ્રેમ હોય તો જ માણી શકાય છે. પ્રેમ વગર પ્રાર્થના અને ભક્તિ નકામા છે. જો સાધક સરળ, સહજ અને પારદર્શક હોય તો એને ચોઘડિયાં લાભ અને શુભ લાગે અને ચારેય દિશા ઊગમણી લાગે. જો સાધક પારદર્શક હોય તો એની પ્રેમભરી દૃષ્ટિથી, ભક્તિથી, ભાવથી ધીમું, શાંત અને અગોચર કંઈક દર્શન તો થાય જ. ભલે સાક્ષાત્કાર ન થાય, પણ એની ઝાંખી તો થાય જ. એવો અનુભવ થાય અને અનુભવના ઊંડાણમાં જાય તો અનુભૂતિ થાય. ભલે પરમાત્મા ન દેખાય, પણ પરમતત્ત્વની પ્રાપ્તિ તો થાય જ. જ્યારે સાચો ભાવ હોય તો ભીતરની ભીનાશ અને અંતરના ઉજાશથી રોમેરોમ દિવ્યતા વ્યાપી જાય તેમાં શંકા નથી, જ્યારે પ્રેમમય અને પ્રભુમય થઈએ ત્યારે અંતરના તાર ઝણઝણવા માંડે તેમાં શંકા નથી. આ પર્વમાં સાચા ભાવવાળા સાધકને સંસ્કૃતિમાં વિકૃતિ ન દેખાય, સંસ્કારમાં અહંકાર ન દેખાય, સમર્પણમાં તૃષ્ણા ન દેખાય. આજે આપણે હૃદયનાં દ્વાર ખોલો ને જ્ઞાન, તપ અને ત્યાગના ભાવને પ્રેમથી વધાવીએ એ જ અભ્યર્થના.


APPROVED PROJECT
P51800001333
Lifescapes
prithvii
Surprisingly spacious
2 & 3 BHK
FLAT IN
GHATKOPAR (W)
GHATKOPAR REAL ESTATE ASSOCIATION
MAHAVIR
ESTATE CONSULTANTS
LEADING CHANNEL PARTNER
Manish D. Vora
9820144859 9324339343
MAHA RERA
APPROVED BROKER
www.maharera.mahaonline.gov.in

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018




Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**

ADVT